# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 381 Dt. 26-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT



આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો


## જંતર-મંતરનો સંગ્રામ બન્યો 'રાજકીય ભુકંપ'

# CJPનો વિજય, પ્રધાનનું રાજીનામું

### વિવાદનો વિસ્ફોટ, 'કોકરોચ' શબ્દ બૂમરેંગ સાબિત : લાંબા સમયથી ચાલી રહેલા ઘમાસાણ બાદ પદ છોડ્યું

નવીદિલ્હી, તા. ૨૫

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મોકલી દીધું છે. ગઊઊઝ-અગ્ર પરીક્ષામાં ગેરરીતિઓ અને જંતર-મંતર પર ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને લગતા દેશવ્યાપી વિવાદ વચ્ચે તેમણે આ નિર્ણય લીધો છે. ધર્મેન્દ્ર પ્રધાને સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી અને રાજીનામું આપવાનું કારણ સમજાવ્યું. તેમના પત્રમાં, તેમણે લખ્યું કે ચાર દાયકાથી વધુ સમયથી, તેઓ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શિક્ષણ સુધારા માટે સમર્પિત છે. તેઓ હંમેશા માને છે કે એક મજબૂત, સમાવેશી અને દૂરંદેશી શિક્ષણ પ્રણાલી કોઈપણ રાષ્ટ્રના વિકાસનો પાયો છે.

ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે ૩ મે, ૨૦૨૬ ના રોજ યોજાયેલી NEET-UG પરીક્ષામાં ગેરરીતિઓની ફરિયાદો સામે આવતાની સાથે જ સરકારે તાત્કાલિક પગલાં લીધાં. તપાસ CBI ને સોંપવામાં આવી હતી, પરીક્ષા રદ કરવામાં આવી હતી અને ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી, અને એવી જાહેરાત કરવામાં આવી હતી કે આગામી વર્ષથી NEET સંપૂર્ણપણે કમ્પ્યુટર-આધારિત પરીક્ષણ (CBT) મોડમાં લેવામાં આવશે. ધર્મેન્દ્ર પ્રધાને લખ્યું કે ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે નિષ્પક્ષ અને સરળ રીતે પરીક્ષા યોજવી એ તેમની ટોચની પ્રાથમિકતા છે. આ માટે, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, જિલ્લા વહીવટીતંત્રો, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહયોગથી, ૨૧ જૂન, ૨૦૨૬ ના રોજ પુનઃપરીક્ષા સફળતાપૂર્વક યોજાઈ હતી. ૧૬ જુલાઈના રોજ જાહેર થયેલા પરિણામોમાં ગરીબ અને વંચિત પરિવારોના ઘણા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સફળ થયા હતા, પરંતુ જવાબદારીના હોદ્દા પર બેઠેલા કેટલાક વ્યક્તિઓએ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો, જેનાથી તેઓ ખૂબ દુઃખી થયા હતા.

પોતાના રાજીનામામાં ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ દિવસની ઘટનાઓએ તેમને ખૂબ જ દુઃખી કર્યા છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ તેમના વ્યક્તિગત સન્માનનો પ્રશ્ન નથી, પરંતુ દેશના યુવાનોના ભવિષ્યનો પ્રશ્ન છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ નથી ઈચ્છતા કે વિદ્યાર્થીઓનું ભવિષ્ય કાનૂની વિવાદો અને રાજકીય સંઘર્ષોમાં



ફસાઈ જાય, અથવા તેમના અભ્યાસથી વિચલિત થાય. આ ભાવના સાથે જ તેમણે રાજીનામું આપવાનો નિર્ણય લીધો. પોતાના પત્રના સમાપન કરતાં, ધર્મેન્દ્ર પ્રધાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, મંત્રી પરિષદમાં તેમના સાથીદારો અને શિક્ષણ મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓનો તેમના માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું હતું કે તેઓ ભારત માતા, ઓડિશાના લોકો અને દેશના યુવાનોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે જાહેર જીવનમાં સંપૂર્ણ સમર્પણ સાથે કામ કરવાનું ચાલુ રાખશે.

NEET-UG વિવાદ અને દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પોતાનું રાજીનામું મોકલી દીધું છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક પત્રમાં તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનું ભવિષ્ય કોઈપણ વિવાદથી ઉપર છે. તેમણે પરીક્ષા સુધારા, CBI તપાસ અને CBT સિસ્ટમને તેમના રાજીનામાના કારણો ગણાવ્યા હતા.

### અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે લડતા રહેશે – અભિજીત દીપક

અભિજીત દીપકએ જણાવ્યું હતું કે તેઓ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે લડતા રહેશે અને જ્યાં સુધી તેમને ન્યાય ન મળે ત્યાં સુધી પીછેહઠ કરશે નહીં. પોતાના સંબોધનમાં, દીપકે જણાવ્યું હતું કે તેઓ પીડિતો માટે લડશે અને ન્યાય સુનિશ્ચિત કરશે. આંદોલનના પ્રતીકનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, ''એકવાર વંદો પ્રવેશ કરે છે, તે ક્યારેય છોડતો નથી.'' અભિજીત દીપકએ સરકાર સમક્ષ તેમની અન્ય માંગણીઓ પણ પુનરાવર્તિત કરી. તેમણે માંગ કરી હતી કે પરીક્ષા વિવાદ અને સંબંધિત ઘટનાઓને કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને ₹૧ કરોડનું વળતર આપવામાં આવે. તેમણે કહ્યું કે, અસરગ્રસ્ત પરિવારોને આર્થિક સહાયની સાથે ન્યાય મળવો જોઈએ.

### પ્રહલાદ જોશી બન્યા નવા શિક્ષણ મંત્રી

ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ, વડાપ્રધાનની સલાહ પર રાષ્ટ્રપતિએ પ્રહલાદ જોશીને શિક્ષણ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપ્યો છે. તેઓ તેમના વર્તમાન મંત્રાલયો ઉપરાંત શિક્ષણ મંત્રાલયની જવાબદારી સંભાળશે. આદેશ મુજબ, પ્રહલાદ જોશી હાલ પૂરતો શિક્ષણ મંત્રાલયનું કામકાજ જોશે, જ્યારે તેમના હાલના વિભાગો યથાવત રહેશે. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ શિક્ષણ મંત્રાલયની જવાબદારી હાલ પૂરતી પ્રહલાદ જોશીને સોંપવામાં આવી છે. વડાપ્રધાનની સલાહ પર રાષ્ટ્રપતિએ તેમને તેમના વર્તમાન મંત્રાલયોની સાથે શિક્ષણ મંત્રાલયનો વધારાનો ચાર્જ (Additional Charge) સોંપવાનો આદેશ જાહેર કર્યો છે.જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, પ્રહલાદ જોશી તેમની હાલની જવાબદારીઓની સાથે શિક્ષણ મંત્રાલયનું કામકાજ પણ સંભાળશે. એટલે કે હાલ પૂરતો તેમને શિક્ષણ મંત્રાલયનો વધારાનો પ્રભાર આપવામાં આવ્યો છે, જ્યારે તેમના હાલના વિભાગો પહેલાની જેમ જ તેમની પાસે રહેશે.

## દુનિયાની સૌથી મોટી તેલ કંપની અરામકો ઉપર યમનમાંથી હુમલો

નવી દિલ્હી, તા.૨૫

યમનના હૂતીઓએ સાઉદી અરબસ્તાનના જીઝાન પ્રાંતમાં આવેલા ઔદ્યોગિક શહેર અને દુનિયાની સૌથી મોટી તેલ કંપની અરામકોને મિસાઈલ-ડ્રોનથી નિશાન બનાવી. આ હુમલાથી ૩ મોટા પ્રાંતોમાં બ્લેકઆઉટ થયો. યનબૂ પ્રાંતમાં ઈમર્જન્સી જાહેર કરાઈ છે, જ્યારે વૈશ્વિક તેલ બજારને આંચકો લાગ્યો છે.

દુનિયાની સૌથી મોટી તેલ કંપની અરામકો ઉપર યમનમાંથી હુમલો : અનેક વિસ્તારમાં વીજળી ગૂલહૂતીના ડ્રોન અને મિસાઈલ હુમલાથી સઉદી અરબસ્તાન હચમચ્યું સઉદી અરબ યમન વચ્ચે દુશ્મનાવટ ચરમસીમાએ પહોંચી છે

સઉદી અરબસ્તાનમાં ફરી ટેન્શન વધી ગયું છે. યમનમાંથી છોડાયેલાં મિસાઈલ્સ અને ડ્રોને જીઝાન પ્રાંતના એક ઔદ્યોગિક શહેર અને દુનિયાની સૌથી મોટી તેલ કંપની અરામકોને નિશાન બનાવ્યાં હતાં. પરિણામે કેટલાએ વિસ્તારમાં વીજળી ગૂલ થઈ ગઈ છે. આ સાથે યનબૂ પ્રાંતમાં ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. સઉદી અરબ અને યમન વચ્ચે દુશ્મનાવટ ચરમસીમાએ પહોંચતી દેખાય છે. સઉદી અરબે



**હુમલાથી ૩ મોટા પ્રાંતોમાં બ્લેકઆઉટ થયો : અનેક વિસ્તારો અંધારપટમાં ગરક**

કરેલા હુમલાના જવાબમાં યમનના હૂતીઓએ કરેલા હુમલાથી સઉદીના ૩ મોટા પ્રાંતો પ્રભાવિત થયા હતા. જીઝેન, યનબૂ અને દમામ અસરગ્રસ્ત થયા હતા. સૌથી વધુ ચિંતાજનક બાબત તે છે કે દુનિયાની સૌથી મોટી તેલ કંપની મનાતી અરામકો યમનના (હૂતીઓના) મુખ્ય નિશાન પર આવી ગઈ હતી. આથી ગ્લોબલ ઓઈલ માર્કેટને ભારે ઝટકો લાગ્યો છે. આ હુમલા પછી કેટલાયે વિસ્તારોમાં બ્લેકાઉટ જાહેર કરાયો છે. સઉદી સિવિલ ડીફેન્સે યનબૂ પ્રાંત માટે નેશનલ અર્લી વોર્નિંગ પ્લેટફોર્મ ઉપર ઈમરજન્સી એલર્ટ જાહેર કરી છે. આ હુમલા એવે સમયે થયા છે કે જ્યારે અમેરિકા-ઈરાન યુદ્ધને લીધે સંપૂર્ણ મધ્ય-પૂર્વ તંગ બની રહ્યું છે. શુક્રવારે મોડી રાત્રે સઉદી અરબે યમનના હૂતી નિયંત્રિત શહેર હાદેઈદા ઉપર હુમલા કર્યા હતા. હૂતી વિદેશ મંત્રાલયે ચેતવણી ઉચ્ચારી હતી કે સઉદીને આ હુમલો મોંઘો પડશે. હૂતી સંલગ્ન અલ-મસીરા ટીવી જણાવે છે કે હાદેઈદામાં દૂરસંચાર પ્રાધિકરણ સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી. કામરાન દ્વિપ ઉપર પણ હુમલા કરાયા હતા જેથી એક મહિલા ઘાયલ થઈ હતી.

બીજી તરફ રાતા સમુદ્રમાં પણ તંગદિલી વધી રહી છે. બુધવારે હૂતીઓએ દાવો કર્યો હતો કે તેમણે રાતા સમુદ્રમાં સઉદી ઓઈલ ટેન્કર ઉપર ડ્રોન અને મિસાઈલ્સથી હુમલા કર્યા હતા, તેથી ઓછામાં ઓછું એક જહાજ તો ક્ષતિગ્રસ્ત થયું હતું. હૂતીઓનું કહેવું છે કે, આ કાર્યવાહી ૨૦મી જુલાઈએ અને જાહેર કરેલી નાકાબંધીનું ઉલ્લંઘન કરવા માટે કરવામાં આવ્યો હતો. આ નાકાબંધી અમારા હવાઈ મથક પર કરાયેલા હુમલાના જવાબમાં કરવામાં આવી છે.

## હિમાચલમાં તબીબી હેતુ માટે ગાંજાના વાવેતરને કાયદાકીય મંજૂરી

**દેશનું ત્રીજું રાજ્ય બન્યું હિમાચલ કે જ્યાં આવો નિર્ણય લેવાયો**

નવી દિલ્હી, તા.૨૫

ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશ પછી હિમાચલ પ્રદેશ ભારતનું ત્રીજું એવું રાજ્ય બની ગયું છે, જેણે ઔષધીય (તબીબી) અને વૈજ્ઞાનિક હેતુઓ માટે ગાંજા (કેનાબિસ)ની ખેતીને કાયદાકીય મંજૂરી આપી છે. હિમાચલ સરકારે આ સંદર્ભે 'હિમાચલ પ્રદેશ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (સુધારા) નિયમો, ૨૦૨૬'નું નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નવા નિયમોથી રાજ્યમાં ગાંજાની ખેતી, સંગ્રહ, સંશોધન, પ્રોસેસિંગ અને ઉત્પાદન માટેનું સ્પષ્ટ કાનૂની માળખું અમલી થઈ ગયું છે. ખેતી માટેની કડક શરતો અને ગ્રીનહાઉસ અનિવાર્ય

નવા નિયમો મુજબ, ગાંજાની ખેતી પર અત્યંત કડક નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. જેમ કેગ્રીનહાઉસ ખેતીઃ ખુલ્લા ખેતરોમાં ગાંજો વાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ખેતી માત્ર ગ્રીનહાઉસ અથવા પોલીહાઉસ જેવા બંધ અને સુરક્ષિત વાતાવરણમાં જ કરી શકાશે. જમીનની મર્યાદાઃ ખેતી માટે ઓછામાં ઓછી ૩ એકરની સળંગ જમીન હોવી જરૂરી છે. (જોકે સરકારી વિભાગો, યુનિવર્સિટીઓ અને વૈજ્ઞાનિક સંશોધન કરતી સંસ્થાઓ માટે આ ૩ એકરની શરત લાગુ પડશે નહીં). જિયો-ટેગિંગ અને સુરક્ષાઃ મંજૂર થયેલા ખેતીના સ્થળો અને વેરહાઉસનું જિયો-ટેગિંગ (Geo-tagging) કરવું ફરજિયાત રહેશે. પરિસરમાં માત્ર એક જ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ, CCTV સર્વેલન્સ, મજબૂત લોકિંગ સિસ્ટમ અને મુલાકાતીઓની નોંધણી જેવી કડક સુરક્ષા વ્યવસ્થા રાખવી પડશે. માત્ર પ્રમાણિત બિયારણ અને દુરુપયોગ પર રોક કોઈપણ પ્રકારનો દુરુપયોગ રોકવા માટે ખેડૂતોએ આબકારી કલેક્ટર દ્વારા લાયસન્સ પ્રાપ્ત સપ્લાયર્સ પાસેથી જ પ્રમાણિત સ્વદેશી બિયારણ ખરીદવાના રહેશે. આ બિયારણ સાથે તેના કેનાબિનોઈડ પ્રમાણનું લેબોરેટરી સર્ટિફિકેટ હોવું અનિવાર્ય છે. લાયસન્સધારકો માત્ર મંજૂર થયેલા ઔષધીય અને વૈજ્ઞાનિક ઉપયોગ સિવાય અન્ય કોઈ કોમર્શિયલ કે મનોરંજન (Recreational) હેતુ



માટે ગાંજાનો ઉપયોગ, વેચાણ કે પરિવહન કરી શકશે નહીં.ગાંજા આધારિત દવાઓ કે ઉત્પાદનો બનાવતી મેન્યુફેક્ચરિંગ ફેક્ટરી સ્થાપવા માટે કંપનીઓએ ઓછામાં ઓછું ૧૦૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ કરવું પડશે. આ સિવાય, આ યુનિટોએ તેમના વાર્ષિક ટર્નઓવર પર ૩% રાજ્ય સેસ ચૂકવવો પડશે, જેમાં ૨% મિલ્ક સેસ (દૂધ સેસ) અને ૧% એન્વાયર્મેન્ટ સેસ (પર્યાવરણ સેસ)નો સમાવેશ થાય છે. આ સમગ્ર નીતિના અમલીકરણ અને અરજીઓની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે રાજ્ય સ્તરે રિવ્યુ કમિટી (State-Level Review Committee) અને જિલ્લા સ્તરે પણ દેખરેખ સમિતિઓ રચાશે, જેમાં કૃષિ, એક્સાઇઝ, પોલીસ, મહેસૂલ અને આયુષ (AYUSH) વિભાગો સાથે મળીને કામ કરશે. હિમાચલ પ્રદેશના કુલ્લુ, મનાલી, મંડી, ચંબા, શિમલા અને સિરમૌર જેવા વિસ્તારોમાં અનુકૂળ હવામાનને કારણે કુદરતી રીતે જ ગાંજો ઊગે છે. કાનૂની અને નિયંત્રિત ખેતી દ્વારા રાજ્ય સરકારને વાર્ષિક આશરે ૫૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક મેળવવાની આશા છે.

# આસામમાં પૂર તો કાશ્મીરમાં ભૂસ્ખલન



**દેશના અનેક રાજ્યોમાં ચોમાસું બન્યું ભયાનક!**

નવી દિલ્હી, તા.૨૫

આસામ, જમ્મુ-કાશ્મીર અને નાગાલેન્ડમાં ભારે વરસાદથી પૂર અને ભૂસ્ખલનની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. અત્યાર સુધીમાં ૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે અને લાખો લોકો પ્રભાવિત થયા છે. રસ્તાઓ અને પુલોને નુકસાન થતા અનેક ગામોનો સંપર્ક તૂટ્યો છે. આસામમાં ૪૧, જમ્મુ-કાશ્મીરમાં ૨૭ અને નાગાલેન્ડમાં ૯ મોત નોંધાયા છે. રાહત કાર્યમાં અડચણો વચ્ચે હવામાન વિભાગે વધુ વરસાદની આગાહી કરી છે. દેશના અનેક રાજ્યોમાં આ ચોમાસું લોકો માટે ભારે મુશ્કેલીઓ લઈને આવ્યું છે. આસામ, જમ્મુ-કાશ્મીર અને નાગાલેન્ડમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. આ કુદરતી હોનારતમાં અત્યાર સુધીમાં ૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે અને લાખો લોકો પ્રભાવિત થયા છે. રસ્તાઓ તૂટી જવાથી, પુલોને નુકસાન પહોંચવાથી અને વીજળી તેમજ મોબાઈલ નેટવર્ક ખોરવાઈ જવાથી અનેક ગામડાંઓનો સંપર્ક તૂટી ગયો છે. પાણી અને કાટમાળના કારણે રાહત અને બચાવ કામગીરીમાં પણ ભારે અડચણો આવી રહી છે.

આસામમાં બ્રહ્મપુત્રા અને તેની સહાયક નદીઓ ઉફાન પર હોવાથી સ્થિતિ સૌથી વધુ વણસી છે. રાજ્યમાં પૂરના કારણે અત્યાર સુધીમાં ૪૧ લોકોના મોત થયા છે અને લગભગ ૬.૫૩ લાખ લોકો પ્રભાવિત થયા છે. શિવસાગર, ચરાઈદેવ, ગોલાઘાટ અને જોરહાટ જિલ્લાના ૯૩૯ ગામો હજુ પણ પાણીમાં ડૂબેલા છે. ખેડૂતોની ૨૪ હજાર હેક્ટરથી વધુ જમીન પરનો પાક ધોવાઈ જવાની ભીતિ છે અને હજારો પરિવારોને રાહત શિબિરોમાં આશરો લેવો પડ્યો છે.

જમ્મુ-કાશ્મીરમાં ભૂસ્ખલન અને અચાનક આવેલ પૂરને કારણે ૨૭ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં પૂંચ અને રાજૌરી જિલ્લા સૌથી વધુ પ્રભાવિત થયા છે. ગત ૨૦ જુલાઈના રોજ પૂંચમાં ભૂસ્ખલનને કારણે એક કાચું મકાન કાટમાળમાં દટાઈ જતાં એક જ પરિવારના ૭ લોકોના મોત નીપજ્યા હતા. આ ઉપરાંત, કાશ્મીરને દેશના અન્ય ભાગો સાથે જોડતો મુખ્ય જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે સતત બીજા દિવસે પણ બંધ રહ્યો હતો, જેનાથી વાહનવ્યવહાર અને જરૂરી વસ્તુઓની સપ્લાય ખોરવાઈ છે. નાગાલેન્ડમાં પણ સતત વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં ૯ લોકોના મોત થયા છે અને ત્યાં હજુ પણ નવા ભૂસ્ખલનનો ભય બનેલો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સક્રિય ચોમાસું અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આગામી દિવસોમાં પણ ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. આથી વહીવટીતંત્રે લોકોને નદી-નાળા અને પહાડી વિસ્તારોથી દૂર રહેવા અને સતર્ક રહેવા અપીલ કરી છે.

# રાજ્યમાં ૪૦,૫૦૦ નાગરિકોનું સ્થળાંતરઃ ૬૩૬૭ લોકોનું રેસ્ક્યુ




સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં વરસેલા ભારે વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિની ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા કરી હતી.

આ સમીક્ષા બેઠકમાં તેમણે રાજ્યમાં વરસાદની વર્તમાન સ્થિતિ, બચાવ-રાહત કામગીરી તેમજ વીજળી, રસ્તાઓ અને પુરવઠા જેવા મૂળભૂત માળખાકીય સુવિધાના પુનઃસ્થાપન અંગે જે-તે વિભાગના સચિવો પાસેથી વિસ્તૃત જાણકારી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં હાલ ૫ વરસાદી સિસ્ટમ સક્રિય છે. તેના કારણે આગામી ૩-૪ દિવસ સુધી મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, અમદાવાદ, સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં સાર્વત્રિક વ્યાપક વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે અને રાજ્યમાં વિવિધ સ્થળોએ રેડ, ઓરેન્જ અને યેલો એલર્ટ આપવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં વરસેલા વરસાદની જાણકારી આપતા રાહત કમિશનરે જણાવ્યું હતું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં સામાન્ય સરેરાશ વરસાદ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. વલસાડ અને નવસારી જિલ્લામાં તો છેલ્લા ૩૦ વર્ષના મોસમના સરેરાશ વરસાદ કરતા આ વર્ષે અત્યાર સુધીમાં ૯૦.૯૮ ટકા અને ૯૫.૧૩ ટકા સરેરાશ વરસાદ થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ખેડા જિલ્લામાં સૌથી વધુ આશરે ૨૪ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

રાજ્ય સરકારે નાગરિકોની સલામતીને પ્રાધાન્ય આપ્યું છે અને અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાંથી કુલ ૪૦,૫૦૦ નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે તથા ૬૩૬૭ લોકોને રેસ્ક્યુ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી સમક્ષ વધુ વિગતો આપતાં આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, બચાવ કામગીરી પૂર્ણ થવાની સાથે જ હવે રાહત અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારો સહિતના વિસ્તારોમાં અસરગ્રસ્તોને કેશડોલ્સ અને ઘરવખરી સહાય માટે કુલ રૂ. ૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, વલસાડમાં સહાય ચૂકવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને નવસારીમાં પાણી ઓસરતાં જ આ કામગીરી હાથ ધરવામાં આવશે.

વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓ પૈકી ૩૬૫ રસ્તાઓ પુર્વવત કરી દેવામાં આવ્યા છે. રસ્તાઓની મરામત માટે ૨૨૫ જેસીબી, ૧૫૦૦થી વધુ મશીનરી અને ૧૫૦૦ કર્મચારીઓ દિવસ-રાત કામ કરી રહ્યા છે. સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં રસ્તાના મરામતની કામગીરીના મોનિટરિંગ અને માર્ગદર્શન માટે ૧ ચીફ એન્જિનિયર અને ૧ ઓ.એસ.ડી.ને ખાસ ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત ડિઝાઇન એક્સપર્ટ્સની ૬ ટીમ પણ કાર્યરત છે.

ભારે વરસાદને કારણે સબસ્ટેશનોમાં કે જે-તે વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે અથવા ક્ષતિના કારણે ખોરવાયેલો વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા ઊર્જા વિભાગની ૩૫૦ ટીમો અને ૧૦૦૦ વધુ વીજ કર્મીઓ સેવારત છે. મોટા ભાગના ગામોમાં શુક્રવારે મોડી રાત સુધીમાં વીજ પુરવઠો પૂર્વવત થઈ જશે તેમ ઉર્જા અગ્ર સચિવએ બેઠકમાં જણાવ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. મતી જયંતી રવિ, સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન મુકેશ પુરી, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર સહિત સંબંધિત વિભાગોના અગ્ર સચિવઓ, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે, સચિવ ડો. અજયકુમાર તથા એન.ડી.આર.એફ. અને આર્મીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતની નવી છલાંગ

## IndieSemiC અને Semtech વચ્ચે કરાર

### ‘Sabarmati-1’ પ્રોસેસરથી ગ્લોબલ IoT માર્કેટમાં ભારતીય ટેકનોલોજીનો ડંકો વાગશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતની ફેબલેસ સેમિકન્ડક્ટર સ્ટાર્ટઅપ IndieSemiC પ્રાઇવેટ લિમિટેડ, નેક્સ્ટ જનરેશન લોરા-ઈનેબલ્ડ (LoRa-enabled) સિસ્ટમ-ઈન-પેકેજ (SiP) પ્લેટફોર્મના વિકાસ માટે Semtech Corporation સાથે સહયોગ કરી રહી છે. સેમટેક કોર્પોરેશન એ હાઇ-એન્ડ કન્ઝ્યુમર, એન્ટરપ્રાઇઝ કમ્પ્યુટિંગ, કોમ્યુનિકેશન્સ અને ઔદ્યોગિક સાધનો માટે એનાલોગ અને મિક્સ્ડ-સિગ્નલ સેમિકન્ડક્ટર્સનું અગ્રણી ગ્લ-કંપની છે.

આ જાહેરાત નવી દિલ્હીમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય ખાતે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM)ના સીઈઓ અમિતેશ સિન્હા સહિતના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં કરવામાં આવી હતી.

આ ભાગીદારી ગુજરાતના ઉભરતા સેમિકન્ડક્ટર ડિઝાઇન ઇકોસિસ્ટમના વિકાસમાં વધુ એક પ્રોત્સાહક માઇલસ્ટોન દર્શાવે છે અને અદ્યતન સેમિકન્ડક્ટર ઇનોવેશનમાં ભારતીય કંપનીઓની વધતી જતી ક્ષમતાઓને દર્શાવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડીયાના નેતૃત્વમાં ગુજરાત સરકારે સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે સતત એક વ્યાપક વ્યૂહરચના અપનાવી છે. સેમિકન્ડક્ટર પોલિસી (૨૦૨૨-૨૭), ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા સિંગલ વિન્ડો સપોર્ટ, ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે રાજ્ય સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ATMP/OSAT, ડિઝાઇન ટેલેન્ટ ડેવલપમેન્ટ અને સપ્લાય ચેઈનને આવરી લેતી ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપી રહ્યું છે.



આ વર્ષની શરૂઆતથી ત્રણ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી કોમર્શિયલ ઓપરેશન્સના તબક્કે પહોંચવાની સાથે ગુજરાતે સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનમાં મોટા રોકાણો સાથે નોંધપાત્ર પ્રગતિ કરી છે. સ્વદેશી ડીપ-ટેક ફેબલેસ સ્ટાર્ટઅપ્સનો ઉદભવ ડિઝાઇનથી લઈને ન્યુફેક્ચરિંગ સુધીની સમગ્ર સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમમાં ક્ષમતાઓ વિકસાવવાના ગુજરાતના વિઝનને વધુ મજબૂત બનાવે છે.

IndieSemiCના સ્થાપક નિકુલ શાહે જણાવ્યું હતું કે, આ સહયોગના ભાગરૂપે IndieSemiC, IoT (ઈન્ટરનેટ ઓફ થિંગ્સ) એપ્લિકેશન્સ માટે સેમટેકની LoRa (લોંગ રેન્જ) ટેકનોલોજી સાથે સંકલિત RISC-V આર્કિટેક્ચર પર આધારિત સાબરમતી ક્લાસ ૬૪-બીટ, જનરલ-પર્પઝ SiP (સિસ્ટમ-ઈન-પેકેજ) પ્લેટફોર્મ વિકસાવશે. આ ડિઝાઇન અલ્ટ્રા-લો-પાવર, લોંગ-રેન્જ વાયરલેસ કનેક્ટિવિટી સાથે ૬૪-બીટ પ્રોસેસિંગને જોડે છે.

સાબરમતી ક્લાસના માઇક્રોકન્ટ્રોલર્સ ઇન્ડસ્ટ્રીયલ ઓટોમેશન, સ્માર્ટ સિટીઝ, એસેટ ટ્રેકિંગ, સ્માર્ટ લાઇટિંગ, સ્માર્ટ મીટરિંગ, કૃષિ, લોજિસ્ટિક્સ અને હેલ્થકેરમાં ઉપયોગમાં લેવાશે, જે લો-પાવર વાઇડ-એરિયા નેટવર્કિંગ (LPWAN) પર બનેલી નેક્સ્ટ-જનરેશન ઇન્ટેલિજન્ટ, કનેક્ટેડ સિસ્ટમ્સની માંગને પૂરી કરશે.

ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશનના મિશન ડિરેક્ટર, IAS સુ નેહા કુમારીએ રાજ્યમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ બનાવવાની પ્રતિબદ્ધતા કરતા IndieSemiC ને આ સિદ્ધિ બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા.

### નોકરીઓ આપવામાં દેશના નોન-મેટ્રો શહેરોમાં રાજકોટ સમગ્ર ભારતમાં છઠ્ઠા ક્રમે

# સૌરાષ્ટ્રનું પાટનગર બન્યું આર્થિક - ઔદ્યોગિક હબ

### ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટ, મેડિકલ ડિવાઇસ પાર્ક અને આંતરરાષ્ટ્રીય હોટેલ્સના આગમનથી આર્થિક રફતાર વધીઃ લિંક્ડઇન ‘સિટીઝ ઓન ધ રાઇઝ ૨૦૨૬’ ના રિપોર્ટમાં ચોંકાવનારો નવો ચિતાર રજૂ કરાયો

રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્રની ઔદ્યોગિક અને આર્થિક રાજધાની ગણાતું રાજકોટ શહેર હવે માત્ર રાજ્ય કક્ષાએ જ નહીં પરંતુ સમગ્ર દેશમાં પોતાની આર્થિક ક્ષમતાનો ડંકો વગાડી રહ્યું છે. વિશ્વપ્રસિદ્ધ પ્રોફેશનલ નેટવર્કિંગ પ્લેટફોર્મ લિંક્ડઇન (LinkedIn) દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ‘સિટીઝ ઓન ધ રાઇઝ ૨૦૨૬’ (ઈશશિંયત જ્ઞક્ષ વિંય છશતય ૨૦૨૬) અહેવાલમાં રાજકોટે ભારતના સૌથી ઝડપથી વિકસતા નોન-મેટ્રોપોલિટન (ટાયર-૨) જોબ માર્કેટમાં સમગ્ર દેશમાં છઠ્ઠું સ્થાન હાંસલ કરીને નવી સિદ્ધિ નોંધાવી છે.

શહેરમાં તાજેતરમાં વિકસેલું વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, દેશનો અગ્રણી મેડિકલ ડિવાઇસ પાર્ક અને વૈશ્વિક કક્ષાની હોટેલ ચેઇન્સના આગમનને કારણે રાજકોટની આર્થિક પ્રગતિને બુસ્ટર ડોઝ મળ્યો છે.

આ યાદીમાં ખાસ નોંધનીય બાબત એ છે કે, દેશના શ્રેષ્ઠ ૧૦ શહેરોમાં ગુજરાતના ત્રણ અગ્રણી શહેરો-સુરત (૩જો ક્રમ), વડોદરા (૪થો ક્રમ) અને રાજકોટ (૬ઠ્ઠો ક્રમ) એ સ્થાન મેળવ્યું છે. આ બાબત ગુજરાતની મજબૂત, વૈવિધ્યસભર અર્થવ્યવસ્થા અને ટાયર-૨ શહેરોમાં રોજગારીની અનંત શક્યતાઓનું સ્પષ્ટ પ્રતીક છે.

ટોપ-૧૦ માં ગુજરાતના ત્રણ શહેરો સુરત, વડોદરા અને રાજકોટનો દબદબોઃ રાજ્યમાં રોજગારી અને રોકાણનો નવો યુગ શરૂ

લિંક્ડ ઇનના રિપોર્ટમાં રાજકોટના ઔદ્યોગિક માળખાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. રિપોર્ટ અનુસાર રાજકોટમાં હાલ ૨.૪૬ લાખથી વધુ નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME Units) ધમધમી રહ્યા છે.આમાંથી લગભગ ૫૦% જેટલા યુનિટ્સ નિકાસ (Export) ક્ષેત્રે સક્રિય રીતે કામ કરી રહ્યા છે, જે રાજકોટની પ્રોડક્ટ્સને વૈશ્વિક સ્તરે પહોંચાડે છે. શહેરના વિવિધ ઔદ્યોગિક વિસ્તારો, એન્જિનિયરિંગ ક્લસ્ટર, ઓટો પાર્ટ્સ અને કાસ્ટિંગ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ૧૧ લાખથી વધુ લોકોને સીધી રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. રાજકોટને ટાયર-૨ શહેરોમાં ટોપ પર પહોંચાડવા પાછળ છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલું અભૂતપૂર્વ વિકાસકાર્ય જવાબદાર છે. તેમાં હીરાસર ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત થતાં જ વૈશ્વિક બિઝનેસમેનો, રોકાણકારો અને કાર્ગો ફ્લાઇટ્સ માટે રાજકોટનું કનેક્ટિવિટી નેટવર્ક મજબૂત બન્યું છે. તબીબી ઉપકરણોના ઉત્પાદન માટે વિશેષ પાર્ક આકાર લઈ રહ્યો છે, જે બાયોમેડિકલ અને હાઇ-ટેક એન્જિનિયરિંગ ક્ષેત્રે નવી નોકરીઓ સર્જી રહ્યો છે.વૈશ્વિક સ્તરની પાંચતારક અને મલ્ટીનેશનલ હોટેલ્સ રાજકોટમાં પગપેસારો કરી રહી છે, જેનાથી હોસ્પિટાલિટી અને સર્વિસ સેક્ટરમાં રોજગારીનો નવો પ્રવાહ શરૂ થયો છે.

રિપોર્ટ અનુસાર, સુરત શહેર ટેક્સટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ ઉપરાંત હવે સ્ટાર્ટઅપ્સ, એક્સપોર્ટ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે હરણફાળ ભરીને ત્રીજા સ્થાને રહ્યું છે. જ્યારે વડોદરા શહેર કેમિકલ્સ, હેવી મશીનરી અને આઇટી/ટેક્નોલોજી ક્ષેત્રે મજબૂત પકડ ધરાવીને ચોથા ક્રમે રહ્યું છે. લિન્ક્ડઇનના સર્વે મુજબ, હાલ ભારતમાં લગભગ ૭૨ ટકા પ્રોફેશનલ્સ અને યુવાનો નવી નોકરીની તકો શોધી રહ્યા છે. જોકે, મુંબઈ, દિલ્હી કે બેંગલુરુ જેવા મોટા મહાનગરોમાં ઊંચો જીવનનિર્વાહ ખર્ચ અને ટ્રાફિકની સમસ્યા સામે હવે યુવાનો અને પ્રોફેશનલ્સ રાજકોટ, સુરત, વડોદરા અને વિઝાગ જેવા શહેરો તરફ વળી રહ્યા છે. આ શહેરો હવે માત્ર પરંપરાગત ઉદ્યોગો પુરતા સીમિત ન રહેતા, આઇટી, સર્વિસ, મેન્યુફેક્ચરિંગ અને મલ્ટીનેશનલ કંપનીઓમાં કારકિર્દીની ઉત્કૃષ્ટ તકો પૂરી પાડી રહ્યા છે.

રાજકોટ હવે સમગ્ર સૌરાષ્ટ્રનું સૌથી મોટું આર્થિક, શૈક્ષણિક અને રોજગારીનું સેન્ટર બનીને ઊભરી આવ્યું છે, જે આગામી દિવસોમાં રાજ્યના વિકાસમાં સિંહફાળો આપશે.

# કાર્ગિલ વિજય દિવસઃ માતૃભૂમિના અમર શહીદોનું શૌર્ય




### ૧૯૯૯ના ’ઓપરેશન વિજય’ની ગાથાઃ-૫૦ ડિગ્રી તાપમાન અને ૧૮,૦૦૦ ફુટની ઊંચાઈએ પાકિસ્તાની ઘૂસણખોરોને ધૂળ ચાટતા કરી ભારતીય સેનાએ ત્રિરંગો લહેરાવ્યો હતો

રાજકોટ, તા.૨૫

દર વર્ષે ૨૬ જુલાઈ નો દિવસ સમગ્ર ભારતવર્ષ માટે માત્ર એક તારીખ નથી, પરંતુ દેશની સરહદોનું રક્ષણ કરતા વીર જવાનોના અપ્રતિમ સાહસ, અપ્રતિમ શૌર્ય અને સર્વોચ્ચ બલિદાનનું અમર પ્રતીક છે. આજના દિવસે ૧૯૯૯ના યુદ્ધમાં ભારતીય સેનાએ દુર્ગમ પહાડો પર રચેલા અવિસ્મરણીય ઈતિહાસ અને ’ઓપરેશન વિજય’ ની સફળતાની યાદમાં દેશભરમાં ’કાર્ગિલ વિજય દિવસ’ ની અત્યંત શ્રદ્ધા અને ગર્વ સાથે ઉજવણી કરવામાં આવે છે.

વર્ષ ૧૯૯૯ના શિયાળા દરમિયાન, જ્યારે લડાખ અને કાર્ગિલના ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં તાપમાન માઇનસ ૪૦ થી ૫૦ ડિગ્રી સુધી પહોંચી જતું હોય છે, ત્યારે પરંપરાગત સમજૂતી મુજબ બંને દેશોની સેનાઓ પોતાની ચોકીઓ પરથી પાછી હઠી જતી હતી. આ સ્થિતિનો અમાનવીય અને કપટપૂર્ણ લાભ ઉઠાવીને પાકિસ્તાની આર્મી અને આતંકવાદીઓએ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરી ટાઇગર હિલ, તોલોલિંગ અને બતાલિક જેવા વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ પહાડો પર કબજો જમાવી લીધો હતો. મે ૧૯૯૯માં જ્યારે સ્થાનિક બકરવાલો દ્વારા આ ઘૂસણખોરીની જાણ ભારતીય સેનાને થઈ, ત્યારે ભારત સરકારે માતૃભૂમિને મુક્ત કરાવવા માટે ’ઓપરેશન વિજય’ ની સત્તાવાર ઘોષણા કરી હતી.

કાર્ગિલનું યુદ્ધ વિશ્વના ઇતિહાસમાં સૌથી મુશ્કેલ અને ઊંચાઈ પર લડાયેલા યુદ્ધોમાંનું એક હતું. દુશ્મનો ૧૮,૦૦૦ થી ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પર મજબૂત બંકરો બનાવીને બેઠા હતા અને ભારતીય જવાનો નીચેથી ઉપર તરફ ચડીને હુમલો કરી રહ્યા હતા. આમ છતાં, ભારતીય થલસેના અને વાયુસેના (’ઓપરેશન સફેદ સાગર’) ના જવાનોએ પોતાના જીવની પરવા કર્યા વિના રાત્રિના અંધકારમાં અને બરફીલા તોફાનો વચ્ચે એક-એક ચોકી મુક્ત કરાવી હતી. આખરે સતત ૬૦ દિવસથી વધુ ચાલેલા ઘોર યુદ્ધ બાદ ૨૬ જુલાઈ ૧૯૯૯ના રોજ ભારતીય સેનાએ કાર્ગિલની અંતિમ ચોકી પરથી પણ પાકિસ્તાની સેનાને ખેદડી મૂકીને ભારતનો તિરંગો પૂર્ણ શાન સાથે લહેરાવ્યો હતો.

આ ઐતિહાસિક વિજય મેળવવા માટે ભારતમાતાના ૫૨૭ જેટલા વીર જવાનોએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી અને ૧,૩૬૩ થી વધુ જવાનો ગંભીર રીતે ઘવાયા હતા. કેપ્ટન વિક્રમ બત્રા (પરમવીર ચક્ર): જેમણે ‘‘યહ દિલ માંગે મોર!‘‘ નો નારો આપીને શેરશાહ તરીકે દુશ્મનોના છક્કા છોડાવી દીધા હતા. મનોજ કુમાર પાંડે (પરમવીર ચક્ર): જેમણે બતાલિક સેક્ટરમાં શહાદત વહોરીને પણ દુશ્મનના બંકરોનો નાશ કર્યો હતો. ગ્રેનેડિયર યોગેન્દ્ર સિંહ યાદવ અને રાઈફલમેન સંજય કુમારઃ જેઓ અત્યંત નાની વયે પરમવીર ચક્રથી સન્માનિત થયા હતા. આવા અનેક અનામી અને અમર શહીદોના રક્તથી કાર્ગિલની ધરતી સિંચાઈ હતી, જેના પરિણામે આજે આપણે શાંતિ અને સુરક્ષાનો શ્વાસ લઈ રહ્યા છીએ.

### રાષ્ટ્રનો નમન અને વિજય ગાથાની પ્રાસંગિકતા

આજે કાર્ગિલ વિજય દિવસ નિમિત્તે દિલ્હીના નેશનલ વોર મેમોરિયલથી લઈને લડાખના ’દ્રાસ કાર્ગિલ વોર મેમોરિયલ’ સુધી દેશભરમાં શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. કાર્ગિલ વિજય દિવસ માત્ર ભૂતકાળની વિજયગાથા નથી, પરંતુ દેશની યુવા પેઢી માટે દેશભક્તિ, શિસ્ત અને સમર્પણની અમર પ્રેરણા છે. આપણી સરહદો પર રાત-દિવસ વિષમ પરિસ્થિતિઓમાં પહેરો ભરતા ભારતીય આર્મીના જવાનોના ત્યાગ અને સમર્પણને આજે સમગ્ર દેશ પ્રણામ કરી રહ્યો છે.

# રાજકોટમાં હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગણીને પુનઃ વેગ



## સૌરાષ્ટ્ર-કચ્છના વકીલ મંડળોનું મહાસમેલન : ૨૯મીએ એક દિવસીય કોર્ટ બહિષ્કાર અને આવેદનપત્ર પાઠવવાનું એલાન

રાજકોટ, તા. ૨૫

રાજકોટ ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની દાયકાઓ જૂની માંગણીને લઈને સૌરાષ્ટ્ર અને કચ્છના વકીલ આલમમાં ભારે રોષ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ માંગણીને આક્રમક રીતે સરકાર સમક્ષ મૂકવા અને લડતને પરિણામલક્ષી બનાવવા માટે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા અને તાલુકા બાર એસોસિએશનના પ્રતિનિધિઓનું એક મહાસમેલન યોજાયું હતું. આ બેઠકમાં તમામ વકીલ મંડળોએ એકજુથ થઈને હાઈકોર્ટ બેન્ચની સ્થાપના માટે આરપારની લડત આપવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે.

મહાબેઠકમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે કે આગામી તારીખ ૨૯ ને બુધવારના રોજ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના તમામ વકીલ મંડળો કોર્ટની કાર્યવાહીથી સંપૂર્ણ અલિપ્ત રહીને એક દિવસની હડતાલ પાડશે. તાલુકા કક્ષાએ મામલતદાર તેમજ ડેપ્યુટી કલેક્ટર અને જિલ્લા કક્ષાએ કલેક્ટરને આવેદનપત્રો પાઠવવામાં આવશે. વેપારી મહામંડળો અને સામાન્ય પ્રજાને સાથે રાખીને આ લડતને જનઆંદોલનનું સ્વરૂપ આપવામાં આવશે. સ્થાનિક ધારાસભ્યો અને સંસદસભ્યોને સાથે રાખીને સરકારમાં આક્રમક રીતે રજૂઆત કરવામાં આવશે.

રાજકોટમાં હાઈકોર્ટ બેન્ચની સ્થાપના થાય તે માત્ર રાજકોટ શહેર પૂરતું સીમિત નથી, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારનું છેલ્લા ૩૦ થી ૪૦ વર્ષ જૂનું સ્વપન છે. આ ન્યાયિક હક્ક મેળવવા માટે વકીલ મંડળો દ્વારા છેલ્લા ચાર દાયકાથી સતત આંદોલનો અને રજૂઆતો કરવામાં આવી રહી છે. અગાઉ પણ રાજકોટ બાર એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખો દ્વારા આ દિશામાં સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ કેટલાક કારણોસર તે કામગીરી અટકી પડી હતી. હવે વર્તમાન પ્રમુખ સુમિત વોરા તથા તેમની સમર્પિત ટીમ દ્વારા આ અધૂરા સ્વપનને સાકાર કરવા માટે આક્રમક પ્રયાસો પુનઃ હાથ ધરવામાં આવ્યા છે, જેને સમગ્ર પ્રદેશમાંથી અભૂતપૂર્વ સમર્થન મળી રહ્યું છે.

હાલમાં સામાન્ય કેસો અને સુનાવણી માટે પણ લોકો અને વકીલોએ અમદાવાદ સુધી લાંબા ધક્કા ખાવા પડે છે. રાજકોટમાં બેન્ચ શરૂ થવાથી આ મુશ્કેલીમાંથી કાયમી મુક્તિ મળશે. ન્યાયિક પ્રક્રિયા સ્થાનિક સ્તરે સુલભ બનવાથી સામાન્ય અરજદારોને ઝડપી ન્યાય મળશે. કાયદાકીય માળખું મજબૂત થવાથી સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશના સર્વાંગી વિકાસને એક નવી દિશા મળશે. રાજકોટને હાઈકોર્ટની બેન્ચ શા માટે મળવી જોઈએ તેના સબળ કારણો દર્શાવતો એક વિસ્તૃત ડ્રાફ્ટ ઘડી કાઢવો. જિલ્લા અને તાલુકા લેવલે સમિતિઓની રચના કરી લડતનું સંચાલન કરવું. શહેર અને તાલુકા કક્ષાએ પ્રજાને આ લડતમાં જોડવા માટે વકીલો દ્વારા મહત્વના સ્થળો પર છાવણીઓ નાખીને જાગૃતિ ફેલાવવામાં આવશે અને હાઈકોર્ટ બેન્ચની ઝુંબેશમાં જોડાવા અપીલ કરવામાં આવશે. વકીલ આલમની આ એકતા અને આક્રમક વલણને જોતાં આગામી દિવસોમાં રાજકોટ હાઈકોર્ટ બેન્ચની માંગણી વધુ ઉગ્ર બને તેવા સ્પષ્ટ એંધાણ દેખાઈ રહ્યા છે.

# ગોંડલ - કોટડાસાંગાણી તાલુકા પંચાયત ખાતે સંકલન બેઠક

રાજકોટ, તા. ૨૫

ગોંડલ અને કોટડાસાંગાણી તાલુકા પંચાયત કચેરી ખાતે એક વિસ્તૃત સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ સંજયભાઈ પીપળીયા સહિતના અગ્રણી પદાધિકારીઓના નેતૃત્વમાં યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં સ્થાનિક વહીવટી કામગીરી, પ્રગતિ હેઠળના વિવિધ વિકાસકામો અને લોકસેવાને લગતા કાર્યોની બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન તાલુકા અને જિલ્લા સ્તરે ગ્રામજનો તથા વહીવટી તંત્રને સામનો કરવા પડતા વિવિધ પડકારો અને મુશ્કેલીઓ અંગે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પદાધિકારીઓ અને અધિકારીઓની સક્રિયતાને કારણે મોટાભાગના પ્રશ્નોનો સ્થળ પર જ ઉકેલ લાવવામાં આવ્યો હતો, જ્યારે બાકી રહેતા મુદ્દાઓને યોગ્ય કાર્યવાહી અર્થે સંબંધિત વિભાગોને સુપ્રત કરાયા હતા. પદાધિકારીઓએ સ્પષ્ટ સૂચના આપી હતી કે સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચે અને પ્રજાકીય પ્રશ્નોનો ઉકેલ પ્રાથમિકતાના ધોરણે લાવવામાં આવે.



**વહીવટી અને વિકાસ કામોની ઝીણવટભરી સમીક્ષાઃ સ્થળ પર જ મોટાભાગના પ્રશ્નોનો નિકાલ**

કોટડાસાંગાણી ખાતે સંકલન બેઠક પૂર્ણ થયા બાદ જિલ્લા પંચાયતની ટીમે સામુહિક આરોગ્ય કેન્દ્ર (ઈઈઈ હોસ્પિટલ)ની સરપ્રાઇઝ વિઝિટ લીધી હતી. આ મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં આરોગ્ય સેવાની ગુણવત્તા, દર્દીઓને મળતી સુવિધાઓ, સ્ટાફની હાજરી, પરિસરમાં સ્વચ્છતા તેમજ જરૂરી દવાઓના જથ્થાની સ્થિતિ ચકાસવામાં આવી હતી અને સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ગોંડલ ખાતેની સંકલન બેઠક સંપન્ન થયા બાદ પદાધિકારીઓએ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના નિવાસસ્થાને જઈ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા સાથે પણ એક સૌહાર્દપૂર્ણ શુભેચ્છા બેઠક યોજવામાં આવી હતી. જિલ્લામાં નોંધાયેલા ભારે વરસાદ અને આગામી દિવસો માટેની હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા પંચાયત ખાતે કાર્યરત કંટ્રોલ રૂમની મુલાકાત લેવામાં આવી હતી. સંભવિત નુકસાન અટકાવવા, આપત્તિ વ્યવસ્થાપન સુદ્રઢ બનાવવા અને રાહત-બચાવ કાર્યોમાં ઝડપ લાવવા માટે તાલુકા કક્ષાના તમામ અધિકારીઓને સતત એલર્ટ અને સજ્જ રહેવા માટે કડક આદેશ આપવામાં આવ્યા હતા.

### ૩ મોટા TP પ્લોટ ભાડે આપવા ટેન્ડર બહાર પડશે

# જન્માષ્ટમીએ ખાનગી મેળા યોજવા મનપાની કવાયત

રાજકોટ, તા. ૨૫

રાજકોટમાં જન્માષ્ટમીના પવિત્ર તહેવાર નિમિત્તે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા તંત્ર દ્વારા આગામી ૨ સપ્ટેમ્બરથી પરંપરાગત લોકમેળાનું આયોજન થવા જઈ રહ્યું છે. તેની સાથે જ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં દર વર્ષની જેમ ખાનગી મેળાઓ યોજવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા શહેરના ત્રણ મુખ્ય ટીપી પ્લોટ ભાડે આપવા માટે ટૂંક સમયમાં જ ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવશે. ગત વર્ષે ખાનગી મેળા માટે મનપા દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હોવા છતાં, ફાયર એનઓસી અને રાઈડ્સ સેફ્ટી સહિતના કડક સુરક્ષા નિયમોના કારણે એક પણ આયોજક આગળ આવ્યો ન હતો. આ સિવાય, સાતમ-આઠમના તહેવાર દરમિયાન સતત પાંચ દિવસ ભારે વરસાદ ખાબકતા લોકમેળો અને ખાનગી મેળાઓ રદ કરવા પડ્યા હતા. આ કારણે મનપાને ખાનગી મેળા થકી થતી આવક ગુમાવવી પડી હતી.

ચાલુ વર્ષે જન્માષ્ટમી પર ખાનગી મેળા યોજવા માટે આયોજકો તરફથી પૂછપરછ (ઈન્કવાયરી) શરૂ થઈ છે. આ મેળા સામાન્ય રીતે આખો મહિનો ચાલતા હોય છે. મનપા દ્વારા નીચે મુજબના ત્રણ વિશાળ ટીપી પ્લોટ ભાડે



આપવા માટે કમિશનર સમક્ષ ફાઈલ રજૂ કરવામાં આવશે . મનપા દ્વારા આ પ્લોટ એક મહિનાના સમયગાળા માટે ભાડે આપવામાં આવશે. તેના માટે પ્રતિ ચોરસ મીટર પ્રતિ દિવસ રૂ. ૫ ની અપસેટ કિંમત નિયત કરવામાં આવી છે. ટેન્ડર પ્રક્રિયા દરમિયાન જો આયોજકો વચ્ચે સ્પર્ધા થશે, તો સૌથી ઊંચા ભાવની ઓફર કરનાર આયોજકને પ્લોટ ફાળવવામાં આવશે.

ગત વર્ષના અનુભવ બાદ આ વર્ષે ખાનગી મેળાના આયોજકો સુરક્ષા અને સલામતીના તમામ કડક નિયમોનું પાલન કરી શકશે કે કેમ તે મોટો પ્રશ્ન છે. ફાયર સેફ્ટી, રાઈડ્સનું ફિટનેસ સર્ટિફિકેટ અને જનતાની સુરક્ષાના તમામ પગલાં લેવાની ખાતરી અને જવાબદારી આયોજકોએ લેવી પડશે. મનપાને આશા છે કે આ વર્ષે આયોજકો નિયમોનું પાલન કરીને મેળાઓ યોજશે, જેથી નાગરિકોને મનોરંજન મળશે અને તંત્રને પણ આવક થશે.

# વરસાદથી ૪૨૬ ખેતીવાડી ફિડર, ૩૮૭ વીજપોલ જમીનદોસ્ત



## સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ તંત્ર ખોરવાયું, તંત્રની કામગીરી વધી

રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા ભારે વરસાદ અને ઝંઝાવાતી પવનના કારણે વીજ વિતરણ વ્યવસ્થાને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડના ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા તારીખ ૨૫ જુલાઈ ૨૦૨૬ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીના જાહેર કરવામાં આવેલા તાજા રિપોર્ટ અનુસાર, સમગ્ર ક્ષેત્રમાં વીજ પુરવઠો ભારે ખોરવાયો છે.

ભારે પવન અને વરસાદના કારણે સમગ્ર પંથકમાં કુલ ૩૮૭ વીજપોલ ધારાશાયી થઈ ગયા છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ૧૬૧ વીજપોલ જમીનદોસ્ત થયા છે. મોરબીમાં ૯૩, રાજકોટ રૂલરમાં ૫૧, અંજારમાં ૨૧, અમરેલીમાં ૨૧ અને ભાવનગરમાં ૧૬ વીજપોલ ધરાશાયી થવાની નોંધ થઈ છે. વીજ લાઈનો તૂટી પડવાથી અને પોલ ધરાશાયી થવાથી કુલ ૨૯ જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો સંપૂર્ણ કે આંશિક રીતે ઠપ્પ થઈ ગયો છે. જેમાંથી મોરબીના ૧૧, સુરેન્દ્રનગરના ૮, અંજારના ૪, રાજકોટ રૂલરના ૩ અને જામનગરના ૩ ગામડાઓ અસરગ્રસ્ત છે.

જ્યોતિગ્રામ યોજના (JGY)ના કુલ ૮ ફિડરો ખોરવાયા છે જેમાં મોરબી-૩,



રાજકોટ રૂલર-૨, જામનગર-૧, અંજાર-૧, સુરેન્દ્રનગર-૧. સમગ્ર ક્ષેત્રમાં કુલ ૧૨ ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત/બળી ગયા છે જેમાં સુરેન્દ્રનગર-૪, રાજકોટ રૂલર-૨, મોરબી-૨, અંજાર-૨, અમરેલી-૨ માં ક્ષતિગ્રસ્ત થયા છે તો બીજી તરફ ભાવનગર વિભાગમાં ૧ હાઈ ટેન્શન લાઈન અને મોરબી-રાજકોટ રૂલરમાં મળીને ૩ ઔદ્યોગિક/GIDC ફિડરોને પણ અસર થઈ છે.

## વીજ તંત્ર યુદ્ધના ધોરણે કામગીરીમાં જોતરાયું

PGVCL ની ટેકનિકલ ટીમો, લાઈનમેન અને ઈજનેરોની ટીમ તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે યુદ્ધના ધોરણે કામે લાગી ગઈ છે. ખોરવાયેલા વીજપોલ ઊભા કરવા અને બળી ગયેલા ટ્રાન્સફોર્મર બદલવાની કામગીરી સઘન રીતે ચાલુ કરી દેવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રાથમિકતાના ધોરણે ગ્રામીણ અને જ્યોતિગ્રામ લાઈનો વહેલી તકે શરૂ કરવા પ્રયાસો હાથ ધરાયા છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારો કે જેમાં ખેતીવાડીના ફીડરો બંધ થયા હોય તેમાં જામનગરમાં ૧૨૭, અંજારમાં ૮૭, ભુજમાં ૭૦, રાજકોટ ગ્રામ્યમાં ૪૮, અમરેલીમાં ૨૧ અને સુરેન્દ્રનગરમાં ૧૮ ખેતીવાડીના ફીડરો હાલ બંધ હાલતમાં છે જેનું સમારકામ ચાલી રહ્યું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ZEN-G ઝિંદાબાદ

## પ્રધાનનું રાજીનામું, લડત સફળ, પણ ટોળાશાહી આવકાર્ય નથી જ



કોકરોચની લડત આખરે રંગ લાવી. આ આંદોલનના દબાણ સામે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું , સરકારે માંગો સ્વીકારવી પડી. કેન્દ્રની મોદી સરકાર ઝૂકે તે કોઈ સામાન્ય બાબત નથી,દાયકાઓના શાસનમાં આ પ્રથમ ઘટના છે.

ઘણા લોકો તેને કોકરોચ અને નવી પેઢીની એક મોટી જીત તરીકે જોઈ રહ્યા છે. પેપર લીકના ગંભીર મુદ્દે દેશભરમાં આક્રોશનો જે માહોલ બન્યો હતો, તેના પરિણામે આ નિર્ણય આવ્યો છે. આ દરમિયાન સંઘના વડા મોહન ભાગવતજીએ પણ કહ્યું હતું કે નવી પેઢીને હુકમ કરવાના બદલે તેને પ્રેમથી સમજાવવી જોઈએ.

આ લડતને ઋક્ષ્યક્ષ-ણ એટલે કે નવી પેઢીના મોટા આક્રોશ તરીકે ઓળખાવવામાં આવી રહી છે. ભારત પાસે યુવાનોની પ્રચંડ વસ્તી છે અને નવી પેઢી કોઈપણ દેશની ખરી તાકાત ગણાય છે. યુવા શક્તિ યોગ્ય દિશામાં કામ કરે ત્યારે તે દેશના ભવિષ્યને બદલી શકે છે.

આ મોટી જીત વચ્ચે પણ એક ગંભીર પાસું ધ્યાને લેવા જેવું છે. ગમે તેટલા વ્યાજબી મુદ્દે લડત હોય, પણ ટોળાશાહી ક્યારેય આવકાર્ય ન જ હોઈ શકે. જ્યારે કોઈપણ સમુદાય કે યુવાનોના ટોળાં બને છે, ત્યારે મનોવિજ્ઞાન અનુસાર તેમાં વિવેક અને સમજદારીનો અભાવ સર્જાય છે.

આવા ટોળાં બ્રેક વગરની ગાડી જેવા બની જાય છે, જે ગમે ત્યાં અથડાઈને મોટું નુકસાન પહોંચાડે છે. આપણે પાડોશી દેશો નેપાળ અને બાંગ્લાદેશની દશા જોઈ છે, જ્યાં બેકાબૂ ટોળાંઓએ દેશની સ્થિતિ બગાડી નાખી છે.

શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર ડીગ્રી આપવાનો નહીં, પણ યોગ્ય માનવ ઘડતર કરવાનો છે. ભારતમાં આવા ચારિત્ર્ય ઘડતર આપતા શિક્ષણની ભારે કમી જોવા મળે છે. જેના લીધે રસ્તાઓ પર બેકાબૂ ટોળા સર્જાય છે. વિરોધ અને આંદોલન લોકશાહીનો હિસ્સો છે, પરંતુ સમજ વગરની ટોળાશાહી દેશ માટે હિંસક અને વિનાશક સાબિત થઈ શકે છે.

# બિહાર બંધ દરમિયાન રાજ્યમાં હિંસા ફાટી

## છપરા અને ભાગલપુર સહિત આઠ જિલ્લાઓમાં પોલીસ અને વિરોધીઓ વચ્ચે અથડામણ થઈ હતી.



નવીદિલ્હી, તા. ૨૫

પટણામાં અઈજઅ ના બિહાર બંધ દરમિયાન, ડાક બંગલા સ્ક્વેર અને સ્ટેશન વચ્ચે ભેગા થયેલા કેટલાક વિદ્યાર્થીઓ સાથે પોલીસની અથડામણ થઈ. પોલીસે હળવો બળપ્રયોગ કર્યો. વિદ્યાર્થીઓએ પોલીસ પર પથ્થરમારો પણ કર્યો, અને વિદ્યાર્થીઓ હવે વિખેરાઈ ગયા છે. કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત કરીને તેમને વિખેરાઈ ગયા. તેજ પ્રતાપ યાદવ પણ પટણા પહોંચ્યા. તેઓ ગાંધી મેદાન પહોંચ્યા અને બિહાર બંધને ટેકો આપ્યો. તેજ પ્રતાપ યાદવે જણાવ્યું કે શિક્ષણ મંત્રીએ રાજીનામું આપવું જોઈએ. છપરામાં, બિહાર બંધને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રે કડક સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખી હતી. તમામ મુખ્ય ચોક પર મોટી સંખ્યામાં જિલ્લા અને પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. શહેરના થાના ચોક અને નગર પાલિકા ચોક પર વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની સૌથી મોટી ભીડ એકઠી થઈ હતી, અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. અનેક સ્થળોએ છૂટાછવાયા હિંસા પણ થઈ હતી.

આ પહેલા, NEET પેપર લીક સામે પટણામાં ત્રણ દિવસ પહેલા થયેલા હિંસક વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં હિંસા ભડકાવવાના આરોપમાં શુક્રવારે CPI (ML) ધારાસભ્ય સંદીપ સૌરભની ધરપકડ કરવામાં આવી હતી. પટણાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટે તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. સૌરભે ૨૨ જુલાઈના રોજ પટણામાં ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA) દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. વિરોધ હિંસક બન્યો, જેમાં ભાજપના નેતાઓ પર હુમલો કરવામાં આવ્યો અને તેમના વાહનો પર તોડફોડ કરવામાં આવી. શાસક ગઉઅ ધારાસભ્યોએ આ ઘટનામાં સૌરભની ભૂમિકા પર તીવ્ર પ્રતિક્રિયા આપી, વિરોધ દરમિયાન હિંસા ભડકાવવાનો આરોપ લગાવ્યો. અઈજઅ દ્વારા પ્રાયોજિત બિહાર બંધ દરમિયાન પટણા અને છપરામાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન વધુ તીવ્ર બન્યા. પટણામાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ, જેમાં પથ્થરમારો અને લાઠીચાર્જનો સમાવેશ થાય છે. કેટલાક વિરોધીઓની અટકાયત કરવામાં આવી હતી. આ દરમિયાન, તેજ પ્રતાપ યાદવ બિહાર બંધને ટેકો આપવા ગાંધી મેદાન પહોંચ્યા અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી.

# ગલ્ફમાં ભારતીય ખલાસીઓની સુરક્ષાની ચિંતા

## પ્રધાનમંત્રી મોદીએ જૂનમાં G7 સમિટમાં અને અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ સમક્ષ ભારતીય ખલાસીઓ અને દરિયાઈ કામદારોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો



નવીદિલ્હી, તા. ૨૫

સરકારે શુક્રવારે સંસદમાં માહિતી આપી હતી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જૂન મહિનામાં બે મુદ્દાઓ પર ભારતીય નાવિકો અને દરિયાઈ કામદારોની સલામતીનો મુદ્દો ઉઠાવ્યો હતોઃ પ્રથમ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની તેમની મુલાકાત દરમિયાન, અને બીજું, તે મહિને યોજાયેલી G7 સમિટના આઉટરીચ સત્ર દરમિયાન. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે વિદેશ મંત્રાલયના એક પ્રશ્નના લેખિત જવાબમાં એમ પણ કહ્યું હતું કે પ્રધાનમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા વૈશ્વિક દરિયાઈ વેપારને વિક્ષેપિત કર્યો છે, જેના પરિણામે ભારતીય નાવિકો સહિત અનેક લોકોના જીવ ગયા છે. વિદેશ મંત્રાલયને પૂછવામાં આવ્યું હતું કે શું ગયા મહિને ઓમાનના અખાતમાં યુએસ લશ્કરી હુમલામાં કેટલાક ભારતીય નાવિકોની હત્યા બાદ ભારતીય નાવિકો અને દરિયાઈ કામદારોની સલામતીનો મુદ્દો, જૂનમાં પેરિસમાં G7 સમિટ દરમિયાન પ્રધાનમંત્રી મોદી અને યુએસ રાષ્ટ્રપતિ વચ્ચે દ્વિપક્ષીય બેઠક દરમિયાન ઉઠાવવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી મોદી ૧૭ જૂને ફ્રાન્સના એવિયનમાં G7 સમિટ દરમિયાન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા હતા. રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની તેમની દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન અને ૧૬ જૂન, ૨૦૨૬ ના રોજ G7 સમિટ આઉટરીચ સત્રમાં તેમના હસ્તક્ષેપ દરમિયાન ભારતીય દરિયાઈ કામદારો અને નાવિકોની સલામતીનો મુદ્દો ઉઠાવ્યો હતો. વર્ધનએ કહ્યું કે તેમણે સ્ટ્રેટ દ્વારા નેવિગેશનની સ્વતંત્રતા અને અવરોધ વિના વાણિજ્ય જાળવવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે એ પણ ભાર મૂક્યો હતો કે વૈશ્વિક દરિયાઈ વેપારમાં મહત્વપૂર્ણ યોગદાન આપતા નાવિકોની સલામતી અને સુરક્ષા આંતરરાષ્ટ્રીય સમુદાયની સહિયારી ચિંતા રહેવી જોઈએ. વિદેશ મંત્રાલયને એ પણ પૂછવામાં આવ્યું હતું કે શું બેઠકમાં વેપાર, ઉર્જા સુરક્ષા, સંરક્ષણ સહયોગ વગેરે સંબંધિત અન્ય કોઈ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, બંને પક્ષોએ ભારત-યુએસ વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી અને ભારત-યુએસ કોમ્પેક્ટ (લશ્કરી ભાગીદારી માટે ઉત્પ્રેરક તકો, વાણિજ્ય અને ટેકનોલોજીને વેગ આપવો), જેમાં સંરક્ષણ, વ્યૂહાત્મક તકનીકો, ઉર્જા અને દ્વિપક્ષીય વેપારનો સમાવેશ થાય છે, હેઠળ થયેલી પ્રગતિનું સ્વાગત કર્યું. તેઓએ વચગાળાના દ્વિપક્ષીય વેપાર કરાર તરફ વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો અને તેમના અધિકારીઓને સંતુલિત, પરસ્પર ફાયદાકારક અને વ્યાપારી રીતે સક્ષમ કરારના વહેલા નિષ્કર્ષ તરફ કામ કરવા નિર્દેશ આપ્યો, તેમણે કહ્યું.

# સાંબા - કઠુઆ સરહદ પર શંકાસ્પદ ડ્રોન

## BSFએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું, શંકાસ્પદ વસ્તુ પાકિસ્તાની ડ્રોન હોવાનું જણાયું



નવીદિલ્હી, તા. ૨૫

ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સાંબા અને કઠુઆમાં બે વાર શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યા. કઠુઆના બોબિયા વિસ્તારમાં અને સાંબાના તારોર વિસ્તારમાં ડ્રોન જોવા મળ્યા. બીએસએફએ ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સર્ચ ઓપરેશન શરૂ કર્યું. અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવારે મોડી રાત્રે, સેનાના જવાનોએ સાંબાના વિજયપુર વિસ્તારમાં તારોર ગામ ઉપર હવામાં એક શંકાસ્પદ વસ્તુ પાકિસ્તાની ડ્રોન હોવાનું જણાયું. ડ્રોન સામે પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું. તેમણે કહ્યું કે ડ્રોન આઈબી (આંતરરાષ્ટ્રીય સરહદ) પાર કરીને પાકિસ્તાન પરત ફર્યું હોવાનું માનવામાં આવે છે. અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવારે સાંજે કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં ચક નલુઆ ગામ ઉપર બીજું શંકાસ્પદ ડ્રોન ફરતું જોવા મળ્યું. તેમણે કહ્યું કે સુરક્ષા દળોએ ડ્રોન સંબંધિત કોઈપણ વસ્તુ અથવા પુરાવા શોધવા માટે બંને સ્થળોએ મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું.

ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સાંબા અને કઠુઆ જિલ્લામાં બે વાર શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યા. આ ડ્રોન કઠુઆના બોબિયા વિસ્તારમાં અને સાંબાના તારોર વિસ્તારમાં ફરતા જોવા મળ્યા. બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ તાત્કાલિક એક વિશાળ સર્ચ ઓપરેશન શરૂ કર્યું. અધિકારીઓને શંકા છે કે ડ્રોન પાકિસ્તાનથી આવ્યા છે. અહેવાલો અનુસાર, શુક્રવારે મોડી રાત્રે સેનાના જવાનોએ સાંબા જિલ્લાના વિજયપુર સેક્ટરમાં તારોર ગામ ઉપર એક શંકાસ્પદ ડ્રોન ઉડતું જોયું. તરત જ, સેનાએ એન્ટી-ડ્રોન સિસ્ટમ સક્રિય કરી. પ્રારંભિક માહિતી અનુસાર, ડ્રોન ભારતીય સરહદથી પાકિસ્તાન પરત ફર્યું.

દરમિયાન, શુક્રવારે સાંજે કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં ચક નલુઆ ગામ ઉપર એક શંકાસ્પદ ડ્રોન પણ થોડા સમય માટે ફરતું જોવા મળ્યું. આ ઘટના બાદ, સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું.

સુરક્ષા એજન્સીઓ એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે ડ્રોને ભારતીય ક્ષેત્રમાં કોઈ શંકાસ્પદ સામગ્રી કે પેલોડ ફેંક્યો છે કે નહીં. બંને સ્થળોએ એક વિશાળ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સરહદ પારથી ડ્રોન પ્રવૃત્તિમાં તાજેતરમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, આંતરરાષ્ટ્રીય સરહદ પર દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. સુરક્ષા દળો કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## ગુજરાતમાં જાણે વાદળ લીક થયું! અને મેઘ તાંડવમાં ૧૯ જીલ્લાઓ પરેશાન, કોને દેશું દંડ?



દિલ્હીનાં જંતર મંતર ખાતે નીટ નાં પેપર લીક થવાનાં મામલે ભારે દેખાવ થઈ રહ્યો છે, અને કેટલાંય લાગતાં વળગતાંનાં નિવેદનો સરકારને ઉથલાવવાં કોશિશ કરી રહ્યા છે, અને અંતે વિદ્યાર્થી ઓનાં ખભે બંદૂક રાખી કોણ ફોડી રહ્યું છે?, એ હવે સૌ જાણે છે. લગભગ દરેક ચેનલો અને સોશિયલ મીડિયા પર આ મુદ્દે ખબર પડે કે ન પડે, જાત જાતની અફવાઓનો મારો ચાલી રહ્યો છે. પરંતુ ત્યાં અચાનક કુદરતએ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત ઉપર વાદળ લીક કર્યું, અને વરસાદ વરસાદ વરસાદ.. અત્ર તત્ર સર્વત્ર પાણી પાણી અને પાણી, જીવન વ્યવહાર ખોરવાયો! આમ ગુજરાતી ઓ બધાં જ જંતર મંતર ભૂલી જાય, એમ ઉમરગાવ, વાપી, વલસાડ સૂરત, વડોદરા નવસારી પંચમહાલ ડાંગ દાહોદ અને અમદાવાદ એમ ભારે વરસાદ પડયો. ગ્લોબલ વોર્મિંગને કારણે ગરમી પણ અતિશય અનુભવાય છે, અને એ જ રીતે ચોમાસુ પણ થોડું કષ્ટદાયક જાય છે એટલે કે ક્યારેક અતિવર્ષા તો ક્યારેક અવર્ષા એમ થઈ ગયું છે. ઋતુઓ પણ પહેલાની જેમ પ્રતિભાવંત રહી નથી, જાણે પ્રતાડિત કરતી હોય એમ ગમે તે સમયે ગમે તે થાય! ભર શિયાળે પણ વરસાદ, અને ભર ઉનાળે પણ વરસાદ, એવી આખી ઋતુ ચક્રની અવદશા સમાજ અનુભવી રહ્યો છે, ભલે એ માટે ડાયરેક્ટ કે ઈનડાયરેક્ટ પરંતુ એકંદરે ચોમાસુ એ નાનાથી મોટા સૌને ગમતી ઋતુમાં આવે છે, અને સૌથી મોટું કારણ એનું આગળની ઋતુ એટલે કે ઉનાળો અત્યંત દાહક હોવાથી વરસાદની શીતળતા સૌને આરામ આપે, પરંતુ શિયાળા અને ઉનાળા ના પ્રમાણમાં ચોમાસામાં ભેજને કારણે ઘણાં રોગીષ્ટ વાયરસ ફેલાય છે, અને એટલે એમાં તકેદારી વધુ રાખવી પડે છે.

યુવા દિલોનામાં થનગનાટ કરતી ઋતુ એટલે વર્ષા ઋતુ,અને પ્રેમી પંખીડા ન સ્થળ જુવે, ન સમય જુવે, બસ એકમેકમાં ખોવાઈ જાય. એમાં પણ વરસાદની ઋતુ હોય અને પિયુ પરદેશ વસતો હોય, એટલે કે હાજર હોય નહીં, તો એમનાં તડપતા દિલ પર કવિઓ કેટલાંયે ગીત લખ્યાં છે. હિન્દી હોય કે ગુજરાતી લગભગ એકપણ ફિલ્મ વરસાદનાં દ્રશ્ય વગર બને નહીં. ડાયરેકટર ને પૂરેપૂરું ગ્લેમર પીરસવાનો મોકો એટલે ચોમાસું, ધડકતા દિલોને એક કરવાની મોસમ એટલે ચોમાસું,આવી જ કંઈક વ્યાખ્યા કરવી હોય તો કરી શકાય.પણ આ બધું જ ટીન એજથી વધીને ત્રીસ પાંત્રીસ વર્ષ તો બહુ થયાં! પછી તો બધી ઋતુ ઓ લગભગ સરખી જ લાગતી હોય! હા શરું શરું નાં એક બે વરસાદ ગમે, પણ પછી તો જાણે સમસ્યાનો હારડો!! સૌ પ્રથમ તો કાદવ કીચડની પરેશાની, બીજી પાણીના ખાબોચિયાંની પરેશાની, ઘરથી બજાર કે ઓફિસ બધે પાણી પાણી! અસંખ્ય જીવાતનો ઉપદ્રવ, મંકોડાની કેટલીયે જાતિ પ્રજાતિનો ત્રાસ, અને દેડકા ને કંસારીની કોણ વધુ દાવેદારી! આખી રાત ચાલતી સ્પર્ધા! ઉપરાંત ઘર જુનું હોય તો ક્યાં ક્યાંથી નેવાં પડે છે એની ઉપાધિ! ઘર બહાર અને ઘરમાં ભેજ એટલે બધું જ અનહાઈજીન લાગે! કપડાંની તો જાણે લોન્ડ્રી ખરીદી હોય એમ ત્રણ ચાર દિવસની હારમાળા,અને ચાર દિવસે સુકાય! અને એ પણ પાછાં એ પણ આપણાં માનસ જેવા બોદા!! આખો આખો દિવસ સુધી ક્યાંય જઈ શકાય નહીં, અને ચાર દિવાલ વચ્ચે પુરાઈને રહેવું પડે ચોમાસાની આ સંધિ કાળની ઋતુમાં ન જાણે કેટલાય વાયરસનો ફેલાવો પણ થાય, અને શરદી જેવાં ચીકણા વાયરસથી તો ભાઈ તોબા! ટીવી અને ન્યૂઝ ચેનલોમાં પણ રાજ્ય ભરના વરસાદના દ્રશ્યો જ જોવા મળે!; એમાં પણ મેઘા રે મેઘા રે ગીત વાગતુ હોય, અને વરસાદની ટ્રેઝરી પણ દેખાડતા હોય, એટલે બંને વાતનું કોમ્બિનેશન પણ બહુ અજીબ લાગે. એક તો વાતાવરણ ભેજવાળું અને એમાં ઉપરથી ગરમ ગરમ પકોડા ખાવાની લિજ્જત આવે, અને વધુ ખવાઈ જાય તો પણ પાછી ઉપાધિ! ચા કોફી પણ હદ બહારનું લેવાઈ જાય, એટલે શુગરના પ્રશ્નો પણ થાય.ભીની ભીની ઋતુમાં મનોભાવ પણ ભીના ભીના થાય એમાં કોઈ બે મત નથી, અને મનોભાવ કાંઈ ઉંમર જોઈને થતા નથી, એ વાત પણ એટલી જ સાચી હોય છે. એકલા રહેતા સ્ત્રી પુરુષોને આમ પણ એકલતા સતાવતી હોય, એમાં આ ઋતુ વધુ સતાવે, અને ક્યાંક ક્યાંક તો એટલે જ ડીપ્રેશનમાં ગુન્હો પણ થાય!

પ્રકૃતિ જાણે નવોઢાની જેમ શણગારી હોય એમ હરિયાળી છવાઈ જાય. નદી નાળા છલકાય અને પર્વત પરથી ઝરણાઓ વહે, એટલે કુદરતી દ્રશ્યો મન હરી લે. ઘણાં ને ફરવાનો શોખ હોય એ દૂર સુધી ફરવા નીકળી જાય, અને રસ્તાઓ તૂટી જતાં કે ગાડીમાં પંચર થતા મુસીબત વહોરી લીધાં જેવું પણ થાય. એકંદરે મોસમનાં આવેશમાં આવી જઈને ઘણીવાર ભયંકર ભૂલ પણ થઈ જાય! ઘરમાં કરી શકાય એવાં શોખ પૂરા કરવા, ચિત્રકામ કરવું, સંગીતનો શોખ હોય તો રીયાઝ કરવું, જુના ગીતો સાંભળવા, ઘરકામમાં મદદ કરવી, છાપાં વગેરે નાં અગત્યનાં લેખ ફરીવાર વાંચવા, મન પસંદ લેખકની વાર્તા ઓ વાંચવી,આમ બને ત્યાં સુધી ઘરમાં જ રહીને આ સમય પસાર કરવો, કારણકે હવે પહેલાની જેમ શરીર પણ રહ્યા નથી, એટલે ગમતી ઋતુ પણ નડી શકે છે. આપણી પાસે તો દર સમસ્યાનાં ઉકેલ સમો આર્યુવેદ છે, અને દરેક ઋતુમાં જેમ તકેદારી રાખવાની હોય છે તેમ ચોમાસામાં પણ તકેદારી રાખવાથી, ઋતુનો આનંદ પણ લઈ શકાય છે, અને બીમારી પણ દૂર રહે છે. જેમ કે દરેક જણા એ આ ઋતુમાં ઉકાળો પીવો જોઇએ,અને કડવાણીનો પ્રયોગ પણ હિતાવહ છે.આ ઉપરાંત સૌથી વધુ તો ઘર ભેજ મુક્ત રહે એ માટે તકેદારી રાખવી, જ્યારે તડકો નીકળે ત્યારે ઘરના બારી બારણા ખુલ્લા રાખવા. લીમડાનો ધૂમાડો કે ગુગળનો ધૂપ કરવો, કપૂરની ગોટી સુંઘવી, સૂંઠ વાળું પાણી પીવું, તાજુ અને હળવું ભોજન કરવું. પકોડા વગેરે પહેલાં વરસાદમાં જ પછી સાદો પોષ્ટીક અને સુપાચ્ય ખોરાક લેવો, ગરમ પીણાં અને ગરમ પાણીનો પ્રયોગ વધારવો. ઓછી સુગર વાળા ફ્રેશ જ્યુસ પીવા, કોલ્ડ ડ્રીંક ને એવોઈડ કરવું. બેકરી આઈટમ અને આથાવાળી વસ્તુ પણ બને ત્યાં સુધી ઓછી લેવી. ભીના ન થવાય એનું ખાસ ધ્યાન રાખવું, રેઈન કોટ અને છત્રીનો ઉપયોગ કરવો. નાના બાળકોને સંધ્યા પછી બહાર લઈ જવા નહીં. માસ્ક અને સેનીટાઈઝરનો ઉપયોગ ચાલુ જ રાખવાનો. ખાસ લીલા શાકભાજી કે ફળો તેને ધોઈ સ્વચ્છ કરી અને ખાવા! પરંતુ અતિ સર્વત્ર વર્જ્ય એ સૂત્ર મુજબ જ ઋતુનો આનંદ લેવો, નહીં તો અત્યારે થતાં ડેન્ગ્યુ અને ટાઈફોઈડનાં વાયરસ બહુ ઝડપથી લાગે છે, ઉપરાંત ફંગલ ઈન્ફેક્શન પણ આ ઋતુમાં બહુ જ થાય છે, તો એની પણ કાળજી લેવી. સૌથી વધુ મહત્વનું સોશ્યલ મીડિયા પર બતાવાતા દરેક નુસખાનો પ્રયોગ કરવો જરૂરી નથી, એ પણ યાદ રાખવું! બહુ ખાઈ લીધું હવે ન્યુટ્રીશનનાં નામે પણ કંઈ પેટમાં નાખીશું નહીં, તો વધુ ઝડપથી તંદુરસ્ત થઈશુ! અથવા નીરોગી રહીશું. જય હિન્દ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા પોલીસની કામગીરી વધુ વેગવંતી

# ફિલ્મી ચેઈઝ બાદ દારૂ ભરેલી કાર ઝડપાઇ

## ડીસીબીની ટીમે ગ્રીનલેન્ડ ચોકડીથી પીછો કરી અડધા કલાક બાદ કાર હસ્તગત કરીઃ અકસ્માત થતાં ચાલક સહિત બે ભાગી ગયાઃ સાડા ત્રણ લાખનો મુદ્દામાલ કબ્જે થયો

રાજકોટ,તા.૨૫

દારૂ-જૂગારની પ્રવૃતિ ડામવા કમર કસી રહેલી પોલીસ રોજબરોજ દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરતી રહે છે તો બીજી તરફ જૂગારધામો ઉપર પણ સતત દરોડા પાડી રહી છે. આ વચ્ચે વધુ એક હેરાફેરી નાકામ બનાવી હતી. ક્રાઇમ બ્રાંચની ટીમે દારૂનો જથ્થો ભરેલી વેગનઆર કારને લાંબી ફિલ્મી ચેઇઝ બાદ પકડી લીધી હતી. ગ્રીનલેન્ડ ચોકડીએથી ભાગેલી આ કારનો અડધો કલાક સુધી પીછો કર્યા બાદ થોરાળામાં કાર પહોંચી ત્યારે ચાલકે કાબુ ગુમાવતાં બીજા વાહનો સાથે આ કાર અથડાઇ જતાં ચાલક અને સાથેનો શખ્સ કાર મુકી ભાગી ગયા હતાં. પોલીસે સાડા ત્રણ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ભાગી જનારા બંનેની શોધખોળ શરૂ કરી હતી. બીજી તરફ જૂગારના બે અલગ અલગ દરોડામાં ચૌદ પત્તાપ્રેમીઓ પકડાયા હતાં. જેમાં એક જૂગારધામ મહિલા સંચાલીત હતું.

દારૂના દરોડાની વિગતો પર નરજકરીએ તો કારમાં વિદેશી દારૂના ચપલાનો જથ્થો ભરેલી વેગનઆર કાર ક્રાઇમ બ્રાંચની ટીમે પકડી લીધી હતી. જો કે આ કાર સુધી પહોંચવામાં પોલીસને લાંબી ફિલ્મી ચેઇઝ કરી પીછો કરવો પડ્યો



ગાંધીગ્રામ અંજલી પાર્કમાં મહિલા સંચાલીત જૂગારધામમાંથી ૯ પકડાયાઃ માંડાડુંગર પાસે પીઠડઆઇ સોસાયટીમાં જાહેરમાં જુગટુ ખેલતાં પાંચ પકડાયા

હતો. બાતમીને આધારે પોલીસે ગ્રીનલેન્ડ ચોકડીએ વોચ રાખી કારચાલકને ઇશારો કરી ઉભી રાખવા જણાવ્યું હતું. પણ ચાલકે કાર ભગાવી મુકતાં ડીસીબીની ટીમે ફિલ્મી ઢબે પીછો કરી છેક થોરાળા સુધી કાર ભગાવી હતી. બાદમાં ચાલક અને સાથેનો શખ્સ કાર રેઢી મુકી અંધારામાં ભાગી ગયા હતાં. કારમાંથી ૧,૪૦,૪૦૦નો વિદેશી દારૂ મળતાં તે તથા કાર મળી ૩,૫૦,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. દારૂ-જૂગારની પ્રવૃતિ ડામવા માટે ડીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કુવાડવા તરફથી એક સફેદ વગનઆર દારૂ ભરીને આવી રહે છે તે વી બાતમી મળતાં ગ્રીનલેન્ડ ચોકડીએ વોચ રાખી હતી. આ વખતે બાતમી મુજબની કાર આવતાં પોલીસે તેના ચાલકને હાથથી ઇશારો કરી ઉભી રાખવા જણાવ્યું હતું.

પરંતુ કારચાલકે થંભાવવાને બદલે અચાનક લિવર મારી ગાડી પુરપાટ ઝડપે ભગાડી મુકી હતી.

આથી પોલીસે તાત્કાલિક પોતાના ખાનગી વાહનોમાં વેગનઆર કારનો પીછો શરૂ કર્યો હતો. કારચાલકે ગ્રીનલેન્ડ ચોકડીથી સંતકબીર રોડ, ભાવનગર રોડ, અમુલ સર્કલ, ૮૦ ફીટ રોડ, રાજકોટ-અમદાવાદ બાયપાસ હાઈવે, માજોઠી નગર, દૂધસાગર રોડ, ચુનારાવાડ ચોક, ટ્રેક્ટર ચોક થઈ નવા થોરાળા વિસ્તારની ગલીઓમાં ગાડી ઘુસાડી હતી. છેલ્લે નવા થોરાળા વણકરવાસ શેરી નં. ૬માં કારચાલકે કાબુ ગુમાવતાં વેગનઆર કાર ત્યાં પડેલાં અન્ય વાહનો સાથે અથડાઈ પડી હતી. ત્યારબાદ કારચાલક અને તેની બાજુમાં બેઠેલો શખ્સ કારને ત્યાં જ રેઢી મૂકી અંધારાનો લાભ ઉઠાવી ભાગી ગયા હતાં. પોલીસે કારની તલાશી લેતાં અંદરથી રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ના ૪૩૨ચપલા રૂ. ૧,૪૦,૪૦૦ના મળી આવ્યા તેમજ. દારૂ તેમજ એક મોબાઇલ ફોન અને કાર મળી કુલ રૂ. ૩,૫૦,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ચાલક અને સાથેના શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી. પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની રાહબરીમાં એએસઆઇ મહેશભાઇ સોલંકી, ધર્મરાજસિંહ રાણા, નિકુંજભાઇ મારવીયા સહિતની ટીમે આ કામગીરી કરી હતી. કાર નંબરને આધારે વધુ તપાસ શરૂ થઇ હતી.

જ્યારે જૂગારના બે દરોડાની માહિતી પર નજર કરીએ તો ગાંધીગ્રામ અને આજીડેમ પોલીસે ઘરમાં તથા જાહેરમાં રમવા બેઠેલા ચૌદ પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. ગાંધીગ્રામ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે અંજલીપાર્ક-૩માં રહેતાં રતનબા નામના મહિલા પોતાના ઘરમાં માણસો ભેગા કરી જુગાર રમાડી રહ્યા છે. તેના આધારે દરોડો પાડી ઘરધણી રતનબા મનુભા ઝાલા તેમજ જૂગાર રમવા આવેલા ભારતીબેન રવિભાઇ ચાવડા (રહે. નાણાવટી ચોક નાઇન એવન્યુ પાસે સત્તાધાર પાર્ક-૪), પારૂલબા તખતસિંહ ચુડાસમા (રહે. કોઠારીયા રોડ માઇલ સ્ટોન એપાર્ટમેન્ટ), પૂજાબેન અલ્પેશભાઇ મલકાણ (રહે. આરએમસી ક્વાર્ટર રૈયા રોડ તુલસી સુપર માર્કેટ પાસે), રૂબીનાબેન ઇકબાલભાઇ સંધી (રહે. ઇન્ડિયન પાર્ક ક્વાર્ટર, રૈયા રોડ), હંસાબેન હિતેષભાઇ મારૂ (રહે. જીવંતીકા પાર્ક-૮), રૂપલબેન બળવંતભાઇ વાજા (રહે. આલાપ ગ્રીન સવન સીગેટ સામે આરએમસી ક્વાર્ટર), અક્ષય દિનેશભાઇ વૈષ્ણવ (રહે. ગાંધીગ્રામ શેરી નં. ૯) અને હિરેન માધાભાઇ પરમાર (રહે. ગાંધીગ્રામ-૯)ને તિનપત્તીનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૧૦૨૫૦ની રોકડ કબ્જે કરી હતી.

બીજી તરફ અન્ય દરોડામાં આજીડેમ પોલીસે માંડા ડુંગર પાસે પીઠડઆઇ સોસાયટી-૨માં દરોડો પાડી જાહેરમાં પત્તે રમી રહેલા આ સોસાયટીમાં જ રહેતાં ભરત ભીખાભાઇ ધોરાળીયા, વિનોદ જીણાભાઇ મકવાણા (રહે. વેલનાથપરા-૧૭/૨૧, બેડી ચોકડી), હિતેષ જેરામભાઇ રૂદાતલા (રહે. સંતોષીનગર-૯ પાણીના ટાંકા પાસે રેલનગર), લાલજી રાયધનભાઇ ચાવડા (રહે. સંતોષીનગર મેઇન રોડ) અને સંજય લક્ષ્મણભાઇ ચાવડા (રહે. પરાસર પાર્ક-૧ જામનગર રોડ)ને પકડી લઇ રૂા. ૧૩૮૫૦ની રોકડ કબ્જે લીધી હતી. આમ દારૂ જૂગારની પ્રવૃતિને ડામવા પોલીસે કામગીરી વેગવંતી રાખી હતી.

# સોની બજારમાંથી બાળ મજૂરો મુક્ત કરાવતી AHTU

## બે દુકાનદાર અને ઠેકેદાર સામે નોંધાયો ગુનો

રાજકોટ, તા.૨૫ : રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્યા મંડલીક, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) ભરત બી. બસીયાની સૂચના હેઠળ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) દ્વારા ગુમ થયેલા બાળકોને શોધવા તેમજ બાળ મજૂરી નાબૂદ કરવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત એ. ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સોની બજારના સુવર્ણદીપ કોમ્પ્લેક્ષ અને ગોલ્ડ હાઉસ (બોધાની શેરી) ખાતે શ્રમ અધિકારી ડો. ડી.આર. કાનાણી અને પીઆઈ કે.કે. ગોહિલની ટીમ દ્વારા સરપ્રાઇઝ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વેપારીઓ અને કોન્ટ્રાક્ટરો દ્વારા નાની ઉંમરના સગીર વયના બાળકો પાસે ગેરકાયદેસર રીતે બાળ મજૂરી કરાવવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. પોલીસ ટીમે સ્થળ પરથી બાળ શ્રમિકોને મુક્ત કરાવી, આગળની સંભાળ અને પુનર્વસન માટે બાળ સંરક્ષણ ગૃહ (રાજકોટ) ખાતે સોંપ્યા છે. આ મામલે સુવર્ણદીપ કોમ્પ્લેક્ષ, કોઠારિયા નાકા, સોની બજારના દિવ્યેશ મુકુંદરાય ફિચડિયા - દુકાન નં. ૨૧૫, રામનાથ પરામાં રહેતા ઠેકેદાર/કોન્ટ્રાક્ટર ઝહીર શેખ અને દુકાન નં. ૩૦૪, ગોલ્ડ હાઉસ, બોધાની શેરી, સોની બજારના બ્રિજેશભાઈ જગદીશભાઈ રાણપરા સાસમેં એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં 'ચાઇલ્ડ લેબર પ્રોહિબીશન એન્ડ રેગ્યુલેશન એક્ટ-૧૯૮૬' અને ગુજરાત નિયમો-૨૦૧૭ ની કલમ-૩ અને ૧૪ મુજબ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

### રાજકોટમાં વિદેશ પ્રવાસના ટૂર પેકેજ અને દુબઈથી આઈફોન મંગાવવાના નામે પ્રોફેસર સહિત અનેક લોકોને શિકાર બનાવ્યા

# ફેસ્ટિવ હોલીડેઝનું સંચાલક દંપતી અડધો કરોડ ખાઈ ગયું!

## ડિસ્કાઉન્ટની લાલચ આપી એડવાન્સ રકમ પડાવીઃ ટૂર રદ કરી, ક્રેડિટ નોટ આપી ઓફિસ બંધ કરીને ભાગી ગયા

રાજકોટ,તા.૨૫

નાના મવા રોડ પર આવેલી કોલેજના પ્રોફેસર અને અન્ય લોકોને વિદેશ પ્રવાસના ટૂર પેકેજ તેમજ દુબઈથી આઈફોન મંગાવી આપવાની લાલચ આપી કુલ ૫૦,૦૩,૦૫૦ની ઠગાઈ આચરવાના ગંભીર મામલે 'ફેસ્ટિવ હોલીડેઝ' ના સંચાલક પતિ-પત્ની સામે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બનાવની વિગત અનુસાર, રાજકોટના નાના મવા રોડ પર રહેતા અને એમ.એન. વિરાણી સાયન્સ કોલેજમાં કેમિસ્ટ્રી વિભાગના પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ભરતકુમાર મુળાભાઈ વાઢેર (ઉ.વ. ૫૪) પોતાના પરિવાર સાથે વિયેતનામ પ્રવાસે જવા માંગતા હતા. આ માટે તેઓ નાના મવા ચોકડી પાસે આવેલ આર.કે. પ્રાઈમ બિલ્ડીંગમાં સ્થિત 'ફેસ્ટિવ હોલીડેઝ' ની ઓફિસે ગયા હતા. ત્યાં ઓફિસના ડિરેક્ટર અભિનવભાઈ હિતેશભાઈ પટેલ અને તેમની પત્ની ધારાબેન પટેલે પ્રોફેસરને વિયેતનામ ટૂર માટે ૩,૭૦,૦૦૦નું પેકેજ બતાવ્યું હતું. ત્યારબાદ ડિસ્કાઉન્ટ આપી આ ડીલ ૩,૩૦,૦૦૦માં નક્કી કરી જુદા જુદા હપ્તામાં કુલ રકમ પડાવી લીધી હતી.

પ્રોફેસર વાઢેરે ઈલેક્શન ડ્યુટીના કારણે પ્રવાસની તારીખ બદલવા જણાવ્યું ત્યારે આરોપીઓએ તારીખ લંબાવી આપી હતી, પરંતુ બાદમાં ફ્લાઈટ કેન્સલ થઈ હોવાનું બહાનું બતાવ્યું હતું. આખરે પ્રવાસ રદ થતાં પ્રોફેસરે રકમ પરત માંગતા આરોપીઓએ ૩,૩૦,૦૦૦ની ક્રેડિટ નોટ લખી આપી હતી. નક્કી કરેલી તારીખે નાણાં પરત ન મળતાં તપાસ કરતા આરોપી પોતાની ઓફિસ અને ફોન બંધ કરી ભાગી ગયા હોવાનું બહાર આવ્યું હતું.

આ સમયગાળા દરમિયાન ઓફિસ પર લાગેલા પોસ્ટર પરથી મળેલા નંબરો મારફતે અન્ય પીડિતોનો સંપર્ક થયો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે અભિનવ પટેલ અને ધારાબેન પટેલે અંકિતભાઈ અશોકભાઈ ઠક્કર પાસેથી હોંગકોંગ-મકાઉ-શેન્ઝાન ટૂર પેકેજના ૩,૩૮,૨૫૦ તથા રમેશભાઈ પોપટભાઈ અઘેરા પાસેથી સિંગાપુર-મલેશિયા ટૂરના ૫,૪૮,૦૦૦ મેળવી લીધા હતા. આ ઉપરાંત અજીતસિંહ રામસિંહ રાઠોડ પાસેથી હોંગકોંગ ટૂરના ૩,૫૦,૦૦૦, અતુલભાઈ દામજીભાઈ મોણપરા પાસેથી વિયેતનામ ટૂરના ૬,૮૯,૦૦૦ પ્રવીણભાઈ રવજીભાઈ કાકડીયા પાસેથી વિયેતનામ ટૂરના ૬,૫૦,૦૦૦ અને જીજ્ઞેશકુમાર દુર્લભજીભાઈ પાબારી પાસેથી જાપાન ટૂરના ૧૬,૦૦,૦૦૦ મેળવી ઠગાઈ આચરાઈ હતી. તેમજ જેનીશભાઈ જયેશભાઈ ચનીયારા પાસેથી બાલી ટૂર માટે રકમ લઈ જેમાંથી ૩,૬૦,૨૦૦ પરત આપી બાકીના ૧,૪૯,૮૦૦ ઓળવી ગયા હતા. આ સિવાય સાહેદ સુનીલભાઈ થોભણભાઈ જાકાસણીયા પાસેથી દુબઈથી આઈફોન મંગાવવા સાહરૂખભાઈ ઉર્ફે રવિભાઈ અને અન્ય સાહેદો મારફતે મળેલા ૮,૦૦,૦૦૦ મેળવી ગુગલ પે તથા રોકડ મારફતે રકમ લઈ મોબાઈલ કે નાણાં પરત આપ્યા ન હતા.

આમ, આરોપી અભિનવ હિતેશભાઈ પટેલ અને ધારાબેન અભિનવભાઈ પટેલે ભેગા મળી તમામ ફરિયાદી અને સાક્ષીઓ




નાના મવા ચોકડી પાસે આવેલ આર.કે. પ્રાઈમ બિલ્ડીંગમાં ઓફિસ ધરાવતાં અભિનવ પટેલ અને ધારા પટેલ સામે માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

પાસેથી કુલ ૫૦,૦૩,૦૫૦ની માતબર રકમ મેળવી, ટૂર કે ફ્લાઈટનું કોઈ જ બુકિંગ ન કરાવી કે આઈફોન ન આપી ઠગાઈ આચરી હતી. આ મામલે પ્રોફેસર ભરતકુમાર વાઢેરની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર જે. એમ. કૈલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે.ડી. મારૂએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઠેકઠેકાણે ભારે વરસાદને પગલે ગોંડલના વૃધ્ધનો જીવ ગયોઃ પરિવારમાં કલ્પાંત









# ટ્રાફિકથી બચવા લીધેલો 'શોર્ટકટ' બન્યો 'મોતનો માર્ગ'!

## જેતપુર-રાજકોટ હાઈવે જામ હોઇ વૃધ્ધ વોંકળા નદીના ટુંકા રસ્તેથી કારખાને જવા નીકળ્યા અને કાર સહિત તણાઈ જતાં મોતને ભેટ્યા

રાજકોટ,તા.૨૫

ભારે વરસાદને પગલે ઠેકઠેકાણે હાલત ખરાબ થઇ ગઇ છે. નદીઓ નાળામાં પુરની સ્થિતિ વચ્ચે જાનહાનીની ઘટના પણ સામે આવી છે. જેમાં રાજકોટ જીલ્લાના વિરપુર પાસે પુરમાં કાર સાથે તણાઇ જવાને કારણે ગોંડલના વૃધ્ધનું મોત થયું છે. તેમની લાશ નજીકના થોરાળાના ડેમ પાસેથી મળી આવતાં પરિવારજનો અને ગામમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મુખ્ય હાઈવે પર ટ્રાફિકજામ હોઇ તેનાથી બચવા માટે ગોંડલના વૃધ્ધે શોર્ટકટ લઇ કાર વિરપુરના રસ્તે હંકારી હતી. પણ એમને ક્યાં ખબર હતી કે આ શોર્ટકટ તેમને મોતના દરવાજે લઇ જશે! તેઓ જે ટુંકા રસ્તેથી પસાર થતાં હતાં એ જ રસ્તા પરની નદીમાં પૂર આવ્યું હતું અને તે આ વૃધ્ધને કાર સહિત તાણી ગયું હતું.

વિગતો પર નજર કરીએ તો યાત્રાધામ વીરપુરમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે નેશનલ હાઈવેથી સ્વામિનારાયણ ગુરૂકુલ થઈ વીરપુર તરફ જવાના માર્ગ પર આવેલી વોકળા નદીમાં જોરદાર પુર આવતાં તે દરમિયાન એક ઈલેક્ટ્રિક અહિથી પસાર થઇ રહી હી તે કાર પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા. જેતપુર ફાયર વિભાગ, ગોંડલ ફાયર વિભાગ, પોલીસ તંત્ર તથા મામલતદાર સહિતનો વહીવટી કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. બાદમાં એસડીઆરએફની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી રેસ્ક્યૂ કામગીરીમાં જોડાઈ હતી.

વિવિધ વિભાગોની સંયુક્ત કામગીરીના પરિણામે ભારે જહેમત બાદ પૂરનાં પાણીમાંથી ઈલેક્ટ્રિક કારને બહાર કાઢવામાં સફળતા મળી હતી. પણ કારમાં બેઠેલા ચાલક તેમાંથી ગાયબ હતાં. આ ચાલક ગોંડલના રહેવાસી પટેલ વૃધ્ધ હતાં. જેમની લાશ દૂરના થોરાળા ડેમમાંથી મળી આવી હતી. વિશેષ માહિતી અનુસાર જેતપુર રાજકોટ નેશનલ હાઈવે પર વીરપુર પાસે જેતપુર-રાજકોટ નેશનલ હાઈવે પર સિક્સ લેનની નબળી કામગીરી અને ખાડામાં ટ્રક ફસાઈ જવાને કારણે કિલોમીટરો લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો, આ કારણે કારણે ગોંડલના શાસ્ત્રીનગરમાં રહેતા સિત્તેર વર્ષીય ભીખુભાઈ ધનજીભાઈ ડોબરીયા પોતાના કારખાને જવા નીકળ્યા હતા.

ત્યારે વીરપુર પાસે હાઈવે પર ટ્રાફિકજામથી બચવા તેમણે વીરપુરના અંદરના રસ્તેથી શોર્ટકટ લીધો હતો. સવારે તેઓ તેલ હોકરા નામની નદીના ધસમસતા પ્રવાહમાં કાર સહિત તણાઇ ગયા હતાં. કાર તો તંત્રવાહકોએ કલાકોની શોધખોળ બાદ શોધી કાઢી હતી. પરંતુ તેમાં સવાર ભીખુભાઇ ડોબરિયા જીવીત રહી શક્યા નહોતાં. તેમનો મૃતદેહ લાંબી શોધખોળ બાદ હાથ આવ્યો હતો. આ બનાવના પગલે રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર તાત્કાલિક અસરથી વીરપુર ખાતે દોડી આવ્યા હતા. તેમણે કાર જ્યાં પાણીમાં તણાઈ હતી અને જ્યાંથી કાર મળી આવી હતી.

તે સમગ્ર વિસ્તારની પરિસ્થિતિનું રૂબરૂ તેમજ ડ્રોન કેમેરાથી નિરીક્ષણ કરી સ્થળ મુલાકાત લીધી હતી.રૂરલ એસપી. વિજયસિંહ ગુર્જર રાજકોટ જિલ્લાના તમામ નાગરિકોને નમ્ર અપીલ કરી હતી કે જો નીચાણવાળા વિસ્તારોમાં કે પુલ પર થોડું પણ પાણી ભરાયેલું હોય, તો ત્યાંથી પસાર થવાનું જોખમ ન ખેડવું. સુરક્ષા જ સૌથી પહેલી પ્રાથમિકતા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જો કોઈ પણ વિસ્તારમાં પાણી ભરાવાની કે જોખમી સ્થિતિ જણાય, તો નાગરિકો તાત્કાલિક ડિઝાસ્ટર મેનેજમેન્ટના ઇમરજન્સી નંબર અથવા ૧૧૨ ઉપર સંપર્ક કરી મદદ મેળવી શકે છે. આ ઘટનાને પગલે મૃતક વડીલના પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

કોન્ટ્રાક્ટમાં ભાડે આપશો તો સારી આવક થશે કહી ભાડાકરાર કરી ટ્રેક્ટર-ટ્રોલી બારોબાર ગીરવે મુકી, વેંચી દેતા’તા

# ખેડૂતોના બે કરોડના ટ્રેકટર વેંચી મારનાર ટોળકીનો પર્દાફાશ

## અરવલ્લીના માલપુર, મેઘરજ, દાહોદના ગામડાઓના ખેડુતોને છેતરી ટ્રેકટરો રાજકોટ, જામનગર, જુનાગઢ જીલ્લામાં અને એમપીમાં વેંચી દેવાતા હતાં: એસપી મનોહરસિંહ જાડેજાની રાહબરીમાં ટીમોએ છને પકડ્યા, પાંચના નામ ખુલ્યાઃ સવા કરોડના વાહનો કબ્જ

રાજકોટ,તા.૨૫

ગઠીયાગીરી કરવાવાળા ગમે તેમ કરીને સામેના વ્યક્તિને છેતરી લેતાં હોય છે. હવે એક ચોંકાવનારો કિસ્સો અરવલ્લી જિલ્લામાં સામે આવ્યો છે. અહિના ગામડાઓના ખેડુતોને છેતરી કરોડોની ઠગાઇ કરનાર ટોળકી ઝડપાઇ ગઇ છે. અરવલીના માલપુર અને મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તાર સહિત દાહોદના ઝાલોદ વિસ્તારમાં ખેડૂતોને ચા ભાડાની લાલચ આપી ટ્રેક્ટર, ટ્રોલી અને જેસીબી મેળવી પુર્વ આયોજિત કાવતરૂં રચી ઠગાઈ આચરતી શાતર આંતરજિલ્લા ગુંડા ટોળકીનો અરવલ્લી જિલ્લા પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ૬ રીઢા ગુનેગારોની ધરપકડ કરી કુલ રૂ. ૧,૨૧,૭૫,૦૦૦ની કિંમતના વાહનો કબ્જે કરાયા છે. છ શખ્સોને પકડી બાકીના પાંચની શોધખોળ શરૂ થઇ છે. ઠગાઈથી મેળવેલા ટ્રેક્ટર, ટ્રોલી, જેસીબી આ ટોળકી રાજકોટ, જુનાગઢ, જામનગર અને એમપીમાં ગીરવે મુકી અથવા ઓછા ભાવે વેંચી મારી રૂપિયા રળી લેવાતા હતાં અને ટોળકી ભાગબટાઇ કરી લેતી હતી.

વિગતો જાહેર કરતાં અરવલ્લી પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યા મુજબ આરોપીઓ દ્વારા માલપુર, મેઘરજ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો તેમજ ટ્રેક્ટર માલિકોનો સંપર્ક કરવામાં આવતો હતો. ખેડૂતોને પોતાના ટ્રેક્ટરો સોલાર કંપનીઓમાં તથા કન્સ્ટ્રક્શન સાઇટો પર ચા માસિક ભાડા-દરે રાખવાની આકર્ષક લાલચ આપવામાં આવતી હતી. આ માટે વિધિવત ભાડા કરાર પણ કરવામાં આવતા. પરંતુ કરાર કર્યા બાદ આરોપીઓ ખેડૂતોને નિર્ધારિત ભાડું ચૂકવતા ન હોતા અને ટ્રેક્ટર પણ પરત આપતા ન હતા.

ત્યારબાદ આ વાહનો અન્ય સહ-આરોપીઓ સાથે મિલાપીપણું રચી ત્રીજી પાર્ટીઓને ગીરો મૂકી કે ઓછી કિંમતમાં ગેરકાયદેસર રીતે વેચી દઈ આર્થિક લાભ મેળવતા હતા. આ કાવતરૂ તા. ૧૭/૧૨/૨૦૨૫ થી તા. ૧૫/૦૭/૨૦૨૬ દરમિયાન મોટા પાયે આચરવામાં આવ્યું હતું. આ બનાવ અંગે માલપુર અને મેઘરજ પોલીસ મથકે ગુના નોંધાતાં જ એલ.સી.બી. અરવલ્લી-મોડાસાના પો. ઇન્સ. એમ.એચ. ઝાલા, માલપુર પો. ઇન્સ. ડી.સી. પરમાર અને મેઘરજ પો. ઇન્સ. એ.એન. નિનામાની રાહબરી હેઠળ અલગ અલગ ત્રણ સ્પેશિયલ ટીમોની રચના કરવામાં આવી હતી. આ ટીમોએ ટેકનિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે ડાણપુર્વક તપાસ હાથ ધરી હતી.પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આરોપીઓએ છળકપટથી મેળવેલા વાહનો અરવલ્લી ઉપરાંત રાજકોટ, જામનગર, જુનાગઢ જિલ્લાઓ તેમજ પડોશી રાજ્ય મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લામાં પણ ગીરવે મુકી દીધા હતા અથવા વેંચવાનો પ્રયાસ કર્યો હતો.





પોલીસે અલગ-અલગ જગ્યાએ દરોડા પાડીને કુલ ૪૩ ટ્રેક્ટરો, ૧૫ ટ્રોલી અને ૧ જેસીબી પૈકી માલપુર અને મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તારના ૧૭ ટ્રેક્ટર, ૧૦ ટ્રોલી અને ૧ જેસીબી કિંમત રૂ. ૧,૧૭,૭૫,૦૦૦ તથા ઝાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના ૩ ટ્રેક્ટર કિંમત રૂ. ૧૦,૫૦,૦૦૦ મળી કુલ ૨૦ ટ્રેક્ટર, ૧૦ ટ્રોલી અને ૧ જેસીબી સહિત કુલ રૂ. ૧,૨૧,૭૫,૦૦૦નો મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મેળવી છે. ઝડપાયેલા આરોપીઓમાં વિજય રાધાભાઈ (રહે. પ્રાંતવેલ, તા. બાયડ, જી. અરવલ્લી), સુનીલ કાલાભાઈ પરમાર (રહે. પ્રાંતવેલ, તા. બાયડ, જી. અરવલ્લી), પ્રવિણ કનકાભાઈ મસાર (રહે. લાલજીના પહાડીયા, તા. માલપુર, જી. અરવલ્લી), કનુ જશુભાઈ પાંડોર (રહે. ગોવિંદપુર, તા. માલપુર, જી. અરવલ્લી), વિપુલ ઉર્ફે રાણા રણછોડભાઈ લાલાભાઈ ભરવાડ (રહે. શેઢા (પીપોદરા), તા. સાઠંબા, જી. અરવલ્લી) અને કનુ ઉર્ફે કાલીયો રામસિંગભાઈ ભરવાડ (રહે. ક્રિષ્ણાપુરા (ખરોડ), તા. વિરપુર, જી. મહીસાગર) સામેલ છે.

આ ઉપરાંત અન્ય આરોપીઓ જે આ કૌભાંડમાં સંડોવાયેલા છે તેના નામ પણ ખુલ્યા છે. તેમાં ઉમંગ પટેલ (રહે. ઉપલેટા, રાજકોટ ગ્રામ્ય - ટ્રેક્ટર લેનાર સહ આરોપી), યોગેશ રામભાઈ આહીર (રહે. કૂડોચ, તા. ઉપલેટા, ટ્રેક્ટર ભાડે આપનાર સહ આરોપી), રાઘવ ભરવાડ (રહે. મોડાસા ડુંગરવાડા ટ્રેક્ટર ભાડે આપનાર સહ આરોપી), રૂદન બચુભાઈ ભરવાડ (રહે. ખલીકપુર, તા. માલપુર ટ્રેક્ટર ભાડે આપનાર સહ આરોપી) અને મહમંદસોહિલ જાનમહમંદ મેમણ (રહે. વડાલી જવાહર ગલી), તા. વડાલી, જી. સાબરકાંઠા)ના નામ ખુલતાં શોધખોળ થઇ રહી છે. ઝડપાયેલા આરોપીઓ પૈકી વિજય અને સુનિલ વિરૂધ્ધ અગાઉ બાયડ પોલીસ સ્ટેશનમાં, પ્રવિણ અને કનુ વિરૂધ્ધ માલપુર પોલીસ સ્ટેશનમાં ચેક રિટર્નના ગુના નોંધાયેલા છે.

જ્યારે વિપુલ ઉર્ફે રાણા વિરૂધ્ધ બાયડ પોલીસ સ્ટેશનમા દારૂના ગુનાઓ છે. હાલમાં માલપુર, મેઘરજ અને ઝાલોદ પોલીસ દ્વારા આ પ્રકરણમાં પકડાયેલા આરોપીઓના રિમાન્ડ મેળવી કૌભાંડની વધુ ડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે.

આ કામગીરી નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા અરવલ્લી-મોડાસાના પોલીસ અધિક્ષકમનોહરસિંહ એન. જાડેજાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. અરવલ્લીના પોલીસ ઇન્સપેક્ટરએમ.એચ. ઝાલા, માલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર ડી.સી. પરમાર અને મેઘરજ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર એ.એન. નિનામાએ મુખ્ય રાહબરી પૂરી પાડી હતી. આ કામગીરી માટે રચાયેલી સ્પેશિયલ ટીમોમાં એલ.સી.બી. અરવલ્લીના પોલીસ સબ ઇન્સપેક્ટરવી.ડી. વાઘેલા, વી.જે. તોમર અને પી.પી. સોલંકી તેમજ માલપુર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સપેક્ટરજી.આર. ચૌધરી અને મેઘરજ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સપેક્ટર એચ.કે. ચાવડાની ટીમોએ કરી હતી.

# કેનેડામાં કાર અકસ્માતમાં કોમ્પ્યુટર એન્જિનિયરનું મોત

## પૂરઝડપે આવતી કારની ટક્કરે ભીષ્મની ગાડી ફંગોળાઇ મેદાનમાં પલટી ખાઈ ગઈ, ૨ ઓગસ્ટે મૃતદેહ આવશે

અમદાવાદ, તા.૨૫

અમદાવાદના ૨૨ વર્ષીય કોમ્પ્યુટર અન્જિનિયરનું કેનેડામાં ૧૮ જુલાઈની રાત્રે કાર અકસ્માતમાં મોત નીપજ્યું હતું. કેનેડાના સાસ્કાચેવાન હાઈવે પર રાત્રિના સમયે રોંગ સાઇડમાં પૂરઝડપે આવતા કારચાલકે ભીષ્મ રાજ્યગુરૂની કારને જોરદાર ટક્કર મારી હતી.

જેના કારણે ભીષ્મની કાર ફંગોળાઈ બાજુના મેદાનમાં પલટી ખાઈ ગઈ હતી અને ગંભીર ઈજાના કારણે તેનું મોત થયું હતું. આગામી ૨ ઓગસ્ટે ભીષ્મનો પાર્થિવ દેહ અમદાવાદ લાવવામાં આવશે.

કેનેડિયન મીડિયાના રિપોર્ટ અનુસાર અકસ્માત કરનાર રસ રાઇડિંગ ગેમના કેપ્ટન જેડન ડેલ્કસની કાર રોંગ સાઈડમાં હતી અને તેમાંથી આલ્કોહોલ તથા ડ્રગ્સ મળી આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી યશકુંજ સોસાયટીમાં રહેતો ૨૨ વર્ષીય ભીષ્મ રાજ્યગુરૂ છેલ્લા ૪ વર્ષથી કેનેડાના રીજીનામાં રહેતો હતો. અમદાવાદમાં ધો.૧૨ સુધીનો અભ્યાસ કર્યા બાદ કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરવા ભીષ્મ કેનેડા ગયો હતો અને છેલ્લા એક વર્ષથી કાર લીડરશીપ કંપનીમાં જોબ કરતો હતો.

ભીષ્મ નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે સાસ્કાચેવાન હાઈવે નંબર-૧૧ પર રાત્રિના ૯ વાગ્યાની આસપાસ સામેની લેનમાં પૂરઝડપે આવતી કારે ભીષ્મની કારને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ભીષ્મની કાર ઉછળીને બાજુમાં આવેલા મેદાનમાં પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતની ઘટનાને પગલે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થયો હતો. જેના વીડિયો પણ સામે આવ્યા છે.

કાર અકસ્માતમાં ભીષ્મને ગંભીર ઈજા પહોંચી હતી. ઈન્ટર્નલ બ્લિડિંગ થતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ભીષ્મના મિત્રો અને ગુજરાતી સમાજના લોકોને જાણ થતા તાત્કાલિક તેઓ ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા. ભીષ્મની કારને ટક્કર મારના કારચાલક રસ રાઇડિંગ ગેમનો કેપ્ટન જેડન ડેલ્કસ હતો. અકસ્માત કરનાર કારચાલક સામે કાર્યવાહી કરવામાં આવી છે.

ભીષ્મના અકસ્માતના થોડા દિવસ બાદ તેના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ભીષ્મના મોત અંગે સ્થાનિક મેયરે પણ પોસ્ટ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. આ ઉપરાંત રફ રાઇડર્સ મેચમાં પણ મોટી સ્ક્રીન પર ભીષ્મને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ભીષ્મના પરિવારમાં પિતા આશિષભાઈ રાજ્યગુરુ, માતા પૂર્વીબેન રાજ્યગુરુ અને એક નાની બહેન હિર રાજ્યગુરુ છે.



ભીષ્મના મિત્ર રુદ્રેશ પંચાલે જણાવ્યું હતું કે, ભીષ્મ કેનેડામાં ખૂબ જ સક્રિય હતો. તે ગુજરાતી સમાજના સંગઠનમાં કાર્યરત હતો. આ ઉપરાં રીજીના મ્યુઝિક ગ્રુપમાં પણ હતો. ગુજરાતીઓ માટે તે ફ્રીમાં ગરબાનું પણ આયોજન કરતો હતો. ભીષ્મના પાર્થિવ દેહને ૨ ઓગસ્ટ આસપાસ અમદાવાદ લાવવામાં આવશે, જ્યાં અંતિમ દર્શન બાદ અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

# DCBએ ૩ દિવસમાં ૭ હથિયાર પકડ્યા

## વધુ ૪ દેશી પિસ્તોલ-તમંચા સાથે બે શખ્સ કુવાડવા પાસે ઝબ્બે

રાજકોટ,તા.૨૫

શહેર ક્રાઇમ બ્રાન્ચે ગેરકાયદેસર શસ્ત્રોની હેરફેર અને વપરાશ સામે આક્રમક ઝુંબેશ ચલાવીને મોટો ધડાકો કર્યો છે. ડીસીબી પોલીસ ટીમે ઉત્કૃષ્ટ કામગીરી દાખવીને ૩ જ દિવસના ટૂંકા ગાળામાં કુલ ૭ ગેરકાયદેસર હથિયારો પકડી લીધા છે. અગાઉ બે દરોડામાં ચાર હથિયાર સાથે શખ્સોને પકડયા પછી આજે વધુ એક દરોડામાં ક્રાઇમ બ્રાન્ચે ૪ દેશી બનાવટના હથિયારો ૩ પિસ્તોલ અને ૧ તમંચો સાથે બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ભરત બી. બસીયાની સૂચના મુજબ ગેરકાયદેસર હથિયાર ધરાવતા શખસોને શોધી કાઢવા સ્પેશિયલ ટીમો રચવામાં આવી હતી. દરમિયાન પી.એસ.આઇ. એ.એન. પરમાર તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે પોલીસ હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઇ ડી. ડવ, પોલીસ કોન્સ્ટેબલ ગોપાલભાઇ યુ. પાટીલ અને મયુરધ્વજસિંહ ડી. જાડેજાને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે કુવાડવા ગામથી વાંકાનેર તરફ જતા રોડ પર દરોડો પાડી બે ઇસમોને ગેરકાયદેસર હથિયારોના જથ્થા સાથે દબોચી લેવાયા હતા.

પોલીસ દ્વારા ઝડપી લેવાયેલા આરોપીઓમાં વિજય મસરૂભાઇ બાવળીયા (ઉં.વ. ૩૧, ધંધો-ખેતીકામ, રહે. ઢીકવાળી, તા. સાયલા, જી. સુરેન્દ્રનગર) અને રીપલા ઉર્ફે વિપુલ કાગડીયાભાઇ રાઠવા (ઉં.વ. ૪૧, ધંધો-ખેતીકામ/મજુરી, રહે. ગામ ગાંઠીયા, તા. છોટાઉદેપુર, જી. છોટાઉદેપુર)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ. ૬૦,૦૦૦ની કિંમતના હથિયારો કબજે કર્યા છે, જેમાં દેશી બનાવટની પિસ્તોલ નંગ ૩ અને દેશી બનાવટનો તમંચો નંગ ૧ સામેલ છે.

ઝડપાયેલ આરોપી વિજય બાવળીયા અગાઉ પણ ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંકળાયેલો હોવાનું ખુલ્યું છે, જેમના વિરૂદ્ધ સાબરકાંઠાના ગાંભોઇ પોલીસ સ્ટેશન અને સુરેન્દ્રનગર સિટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનાઓ નોંધાયેલા છે. આ કામગીરી ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સપેક્ટર એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પી.એસ.આઇ. એ.એન. પરમાર, એ.એસ.આઇ. હિતેન્દ્રસિંહ પી. ઝાલા, પો. હેડ કોન્સ. અર્જુનભાઇ ડી. ડવ, કૃષ્ણદેવસિંહ જી. ઝાલા, હરસુખભાઇ એ. સવાડ, જયદેવસિંહ આર. પરમાર, મહિલા રાજેન્દ્રસિંહ એચ. ગોહિલ, પો. કોન્સ. ગોપાલભાઇ યુ. પાટીલ તેમજ મયુરધ્વજસિંહ ડી. જાડેજા સહિતના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

કરૂણાજનક, આઘાત આપી જનારી ઘટનાઓનો અવિરત સિલસિલોઃ પાંચ જીવ ગયા

# વિજકરંટ ખેડુત માટે બન્યો વેરી અન્ય બેના પટકાતા મોત

## વાડીએ કામ કરતી વખતે વૃધ્ધને વિજઆંચકો લાગ્યોઃ બે અલગ અલગ બાંધકામ સાઇટ પર અગીયારમા, પહેલા માળેથી પટકાતાં યુવાન, પ્રૌઢના જીવ ગયાઃ એક આધેડનું હૃદય બંધ પડવાથી, બીજા પ્રૌઢનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું

રાજકોટ,તા.૨૫

અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. જેમાં કોઇને કોઇ પરિવાર પોતાના સ્વજનો, આધારસ્તંભ, મોભીઓને ગુમાવતાં રહે છે. અલગ અલગ આવી ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો હતો. હાલમાં વરસાદની ઋતુ ચાલી રહી હોઇ આ ઋતુમાં સાપ કે જીવજંતુ કરડવાના અને વિજકરંટ લાગવાના બનાવોમાં વધારો થઇ જતો હોય છે. આ વચ્ચે એક ઘટનામાં વાડીએ કામ કરી રહેલા વૃધ્ધને જોરદાર વિજઆંચકો લાગતાં તેમનું મોત થઇ ગયું હતું. તો બે અલગ અલગ બાંધકામની સાઇટ પર મજૂરી કામ કરી રહેલા અઢાર વર્ષના એક મજૂર અને બાવન વર્ષના એક મજૂર અકસ્માતે પડી જતાં તેમની જિંદગીનો અંત આવી ગયો હતો. અઢાર વર્ષનો મજૂર અગીયારમા માળ પરથી અને બાવન વર્ષના મજૂર પહેલા માળેથી પટકાતાં આ ઘટનાઓ બની હતી. જ્યારે ચોથા બનાવમાં એક આધેડનું હૃદય બેસી જવાથી અને પાંચમી ઘટનામાં એક પ્રૌઢનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.

વિગતે વાત કરીએ તો હાલમાં વરસાદની મોસમમાં વિજકરંટ લાગવાના બનાવો વધી જતાં હોય છે. જેમાં ઘણીવાર જીવલેણ દુર્ઘટના પણ સર્જાતી હોય છે. આવી જ એક ઘટનામાં મોરબીના જેતપર ગામે રહેતાં વૃધ્ધને વાડીએ ગાડી રીપેર કરતી વખતે વિજકરંટ લાગતાં મોત નિપજ્યું હતું. મોરબીનાજેતપર ગામે રહેતાં છાંસઠ વર્ષના ઘનશ્યામસિંહ જુવાનસિંહ ઝાલા પોતાની વાડીએ હતાં ત્યારે ગાડી રીપેરીંગક રતી વખતે વિજકરંટ લાગી જતાં મોરબી સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ મારફત જાણ થતાં માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી અને મોરબી તાલુકા પોલીસને જાણ કરી હતી.



અન્ય ઘટનાઓ જોઇએ તો બાંધકામની બે અલગ અલગ સાઇટ પર કામ કરતી વખતે અકસ્માતે પડી જવાને કારણે યુવાન અને એક પ્રૌઢ વયના મજુરોના મૃત્યુ થતાં તેમના પરિવારજનોમાં સાથી મજૂરોમાં ગમગીની છવાઇ ગઇ છે. પ્રથમ બનાવમાં મવડી-કણકોટ રોડ પર પાણીના ટાંકા નજીક બાંધકામની સાઇટ ચાલુ હોઇ અહિ મજૂરી કરતો અને ત્યાં જર હેતો મુળ યુપીનો આદિત્ય રામનારાયણગઇકાલે નવા બની રહેલા આ બિલ્ડીંગના અગીયારમા માળે સેન્ટીંગ કામ કરતો હતો ત્યારે અકસ્માતે પગ લપસતાં નીચે પટકાતાં ગંભીર ઇજાઓ થઇ હતી. બનાવ સ્થળે જ તે લોહીલુહાણ થઇ બેભાન થઇ જતાં બીજા મજૂરો અને બાંધકામ કોન્ટ્રાકટર સહિતના લોકો એકઠા થઇ ગયા હતાં.

તુરત જ ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તેના તબિબે આદિત્યને મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આદિત્ય તેના મોટા ભાઇ સાથે રહી મજૂરી કરતો હતો. જ્યારે બીજી આવી ઘટના એસ્ટ્રોન સોસાયટી નજીક બાંધકામની સાઇટ પર બની હતી. અહિ જમૂરી કરી રહેલા મુળ ઓરીસ્સાના બાવન વર્ષના જલંધરભાઇ ભીકારામ હરપાલ અકસ્માતે પહેલા માળેથી પટકાતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

અપમૃત્યુની ચોથી ઘટનામાં દૂધની ડેરી નજીક લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતાં જેન્તીભાઇ ઉકાભાઇ જાદવ નામના અડતાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારા જેન્તીભાઇ બે ભાઇ અને ચાર બહેનમાં નાના હતાં. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે છુટક મજૂરી કરતાં હતાં. હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યાનું સગાએ કહ્યું હતું. પાંચમા બનાવમાં જસદણના જંગવડના ધીરૂભાઇ લવાભાઇ કટેશીયા નામના બાવન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે આટકોટ, જસદણની હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકી દ્વારા આટકોટ પોલીસને જાણ કરાઇ હતી. આ પાંચયે હતભાગી મૃતકોના મૃતદેહના પોસ્ટમોર્ટમ સિવિલ હોસ્પિટલ ખાતે કરાયા બાદ તેમના સ્વજનોને સોંપાયા હતાં.

પગપાળા જઇ રહેલી બાળાને ઉઠાવી જવાઇ પછી એવી હાલત કરી બે અર્ધબેભાન થઇ ગઇ

# ટ્રકની કેબીનમાં ચાલકે બાળાનો દેહ અભડાવ્યો

## ભાનમાં આવેલી બાળાએ વિતક વર્ણવતા પોલીસે તત્કાળ કાર્યવાહી કરી શૈતાન ટ્રકચાલકને દબોચ્યોઃ બીજી ઘટનામાં કુંવારા યુવાનના પ્રેમમાં પડેલી પરિણીતાએ ફાંસો ખાઇ જીવ દીધો

રાજકોટ,તા.૨૫

બળજબરી-દુષ્કર્મની એક ચોંકાવનારી ઘટના બની હતી. જેમાં તેર વર્ષની બાળાને અપહરણ કરી ટ્રકની કેબીનમાં ગોંધી રાખી બળાત્કાર ગુજારી લેવામાં આવતાં ચકચાર મચી હતી. પોલીસે તત્કાળ કાર્યવાહી કરી હવસખોર ટ્રકચાલકને દબોચી લઇ કાર્યવાહી કરતાં તે જેલભેગો થયો હતો. અન્ય એક કિસ્સામાં કુંવારા યુવાનના પ્રેમમાં પડેલી પરિણીતાને નિષ્ફળતા મળતાં મરી જવાનો રસ્તો અપનાવવો પડ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરતના ડુમસ વિસ્તારમાં તેર વર્ષની કિશોરી પર ટ્રકની કેબિનમાં દુષ્કર્મ આચરવાના ચકચારી કિસ્સામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરી લીધી છે. ગંભીર-વાંટા નહેર પાસેથી પસાર થઈ રહેલી માસૂમ બાળકીને બળજબરીપૂર્વક ઉઠાવી જઈ તેના પર અત્યાચાર ગુજારનાર નરાધમ ડ્રાઈવરને ડુમસ પોલીસે ગણતરીના સમયમાં દબોચી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. અર્ધબેભાન હાલતમાં મળી આવેલી કીશોરીના કેસમાં પોલીસે ગંભીરતા દાખવીને સમગ્ર ઘટનાનો પર્દાફાશ કર્યો હતો અને આગળની કાયદાકીય કાર્યવાહી કરી હતી. આ શરમજનક ઘટના બપોરના સમયગાળા દરમિયાન બની હતી.



તેર વર્ષની ભોગ બનનાર કિશોરી ગંભીર-વાંટા નહેર રોડ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન મૂળ ગોંડલનો અને ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતો આરોપી ત્યાં આવી પહોંચ્યો હતો. આરોપીએ માસૂમ બાળકીનો હાથ બળજબરીથી પકડીને તેને પોતાની ટ્રકમાં બેસાડી દીધી હતી અને ટ્રકની કેબિનમાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ ગુજાર્યા બાદ આરોપી કિશોરીને ત્યાં જ છોડીને રવાના થઈ ગયો હતો. ઘટનાના બે દિવસ બાદ જ્યારે તેર વર્ષની સગીરા અર્ધબેભાન અને અત્યંત નાજુક હાલતમાં મળી આવી ત્યારે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી અને સસંગાટી વ્યાપી ગઈ હતી. બાળકીને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, જ્યાં તે થોડી સ્વસ્થ થતાં તેણે પોતાની સાથે થયેલી ક્રૂર આપવીતી પરિવારજનોને જણાવી હતી. આ સાંભળી પરિવારજનોના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી.

ત્યારબાદ કિશોરી પાસેથી વિગતો મળ્યા બાદ પરિવારજનોએ તુરંત ડુમસ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. બાળકીના નિવેદન અને પરિવારની ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક ગુનો નોંધી તપાસ ચક્ર ગતિમાન કર્યા હતા. વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને દબોચી લેવાયો હતો. બાળકી પર અત્યાચાર આચરનાર ટ્રક ડ્રાઈવરને ઝડપી પાડ્યા બાદ ડુમસ પોલીસની ટીમે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાની કામગીરી પૂર્ણ કરી હતી. આ ઉપરાંત આસપાસના સ્થાનિક લોકો અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો નોંધવા, તબીબી પરીક્ષણ કરાવીને ફોરેન્સિક પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી કરાઇ હતી. જેથી નરાધમ ડ્રાઈવરને અદાલતમાં કડકમાં કડક સજા અપાવી શકાય. અન્ય એક ઘટના જોઇએ તો વડોદરામાં બે સંતાનોની માતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો છે. ઓરિસ્સાના વતની આનંદભાઈની પત્નિને કુંવારા યુવક સાથે પ્રમ થયો હતો. યુવકના પરિવારે બંનેને શોધી કાઢ્યા બાદ પરિણીતાને વડોદરા પતિના ઘરે મોકલી આપી હતી. અહીં આવ્યાના ત્રણ દિવસ પછી તેણે આ પગલું ભર્યું. સમા પોલીસે અંતિમ ચિઠ્ઠીના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. વિશેષ માહિતી મુજબ વડોદરામાં રહેતા આનંદભાઇ મૂળ ઓરિસ્સાના વતની છે. આનંદભાઇને પત્નિ સાથે છેલ્લા ત્રણ વર્ષથી અણબનાવ ચાલતો હતો. જેના પગલે પત્નિ બે સંતાનોને લઇને વતન ઓરિસ્સા પિયરમાં જતી રહી હતી. ઓરિસ્સામાં જ રહેતા કુંવારા યુવક સાથે પરિણીતાને પ્રમ થઇ ગયો હતો.

જેના કારણે તેઓ બંને ઘર છોડીને જતા રહ્યા હતા. યુવકના પરિવારે દોડધામ કરીને બંનેને શોધી કાઢ્યા હતા. ત્યારબાદ પરિણીતાને વડોદરા તેમના પતિના ઘરે મોકલી દેવાયા હતા. અહીંયા આવ્યાના ત્રણ દિવસ પછી જ પરિણીતાએ ગળા ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. જે અંગે સમા પોલીસને જાણ કરવામાં આવતા પી.એસ.આઇ. એ આર માડમે સ્થળ પર જઇને તપાસ હાથ ધરી હતી. મૃતક પાસેથી એક અંતિમ ચિઠ્ઠી મળી આવી હતી. ઉડિયા ભાષામાં લખેલી ચિઠ્ઠી મૃતકના પરિવાર પાસે વંચાવતા તેમાં પ્રેમીનો ઉલ્લેખ કરીને લખ્યું હતું કે હું તને આપેલું વચન પાળી શકી નથી. તારા વગર રહેવાતુ નથી. તેમજ પતિને બાળકોની સાર સંભાળ રાખવા કહ્યું હતું. આમ વધુ એક પરિવાર વિખેરાયો હતો.

---

ચાલીને જઇ રહેલા વૃધ્ધા અને તેમના દિયરને ઉભા રાખી મંદિરનું સરનામુ પુછ્યું પછી છેતર્યા

# આશીર્વાદના નામે નકલી સાધુ દાગીના લઈ છૂ

રાજકોટ,તા.૨૫

અલગ અલગ રીતે ઠગાઇ કરનારા કોઇપણ તરકીબનો ઉપયોગ કરીને ગામને છેતરીને પોતાના ગજવા ભરતાં હોય છે. અમુક ગઠીયાઓ તો લોકોની ધાર્મિક લાગણીઓ સાથે શ્રધ્ધા સાથે પણ રમત કરી લેતાં હોય છે અને તેમને છેતરી જતાં હોય છે. અવાર-નવાર ગઠીયાઓ સાધુ સંતના સ્વાંગ રચીને કે પછી નાગાબાવાના નામે કે પછી કોઇ તાંત્રીક વિદ્યાના જાણકારનો સ્વાંગ રચીને લોકોને છેતરતાં હોય છે. આવ વચ્ચે એક ગઠીયો સાધુનો સ્વાંગ રચીને વૃધ્ધાને આશીર્વાદ આપવાના બહાને તેના દાગીના ઉતરાવીને ભાગી ગયો હતો. અગાઉ પણ આ પ્રકારની ઘટનાઓ રાજ્યના અલગ અલગ શહેરોમાં બની હતી. જેમાં એક જ પ્રકારની એમઓથી ઠગાઇ કરતી ટોળકીના સુત્રધાર સહિતને ઝડપી લેવાયા હતાં. ત્યાં હવે એક ગઠીયો પંચોતેર વર્ષના માજીને છેતરીને દાગીના લઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો સાધુ કે મહંતના નામે ઠગાઇ કરતાં ગઠીયાઓ મોટે ભાગે કાર જેવા વાહનમાં આવતાં હોય છે. આ ઘટનામાં પણ આવુ જ થયું હતું. જેમાં નડીયાદના એક વૃધ્ધા છેતરાઇ ગયા હતાં. અહિ ગણપતિ ચોકડી રોડ નજીક ચાલતા જતા વૃધ્ધા અને તેના દિયને આશીર્વાદ લેવાનું કહી કારમાં સવાર ઠગ સાધુ એક લાખ ત્રીસ હજારના દાગીના લઇ ફરાર થઇ ગયો હતો. કપડવંજ રોડ પર આવેલ શુભલક્ષ્મી સોસાયટી માં રહેતા જીજાબેન મરાઠે નામના પંચોતેર વર્ષના વૃધ્ધા પરિવાર સાથે રહે છે. વૃધ્ધાના દિયર દિગમ્બર મરાઠે નડિયાદ આવ્યા હતા.જેથી સોમવાર બપોરનુ જમવાનુ દિકરા કૈલાશના ઘરે હતુ. ભાભી અને દિયર ઘરેથી નજીકમાં રહેતા દિકરાને ત્યાં જવા નીકળ્યા હતા. ગણપતિ ચોકડી આગળ જતા મંજીપુરા તરફ જવાના રોડ પર એક કાર ઉભી હતી. આ કાર ઉભી રહ્યા બાદ તેના ચાલકે હિન્દીમાં ભૂતનાથ કા મંદિર નડિયાદ મેં કહા હે? તેમ પુછતાં જીજાબેને રસ્તો બતાવ્યો હતો. આ સમયે જ ચાલકે કહ્યું હતું કે કારમાં મારી સાથે બેઠેલા છે એ નાગાસાધુ છે, આશીર્વાદ લઇ લ્યો. હિન્દી ભાષામાં વાત કરતાં કારચાલકે કહ્યું હતું કે બેટા તુમ આશીર્વાદ લેકે જાવ,તુમારે ઘર મે ખુશાલી હોગી. આ વાત સાંભળી વૃધ્ધા તેની નજીક ગયા હતાં. આ પછી સાધુએ બંને હાથ સરખા કરાવી ખોબો ધરવા કહેતા વૃધ્ધાએ ખોબો ધરતા તેમાં રૂપિયા પાંચસોની નોટ આ કહેવાતા સાધુએ મુકી દીધી હતી. આવી જ રીતે વૃધ્ધાના દિયરના હાથમાં પણ રૂ પાંચસોની બે નોટ મૂકતા બંને અવાક થઇ ગયા હતા.

આ પછી આશીર્વાદ આપવાનું નાટક કરી કહેલું કે તમે ભાગ્યશાળી છો. પણ તમે પહરેલા દાગીના પવિત્ર કરવા પડે તેવા છે તમે મને દાગીના આપો પછી હું તમને પવિત્ર કરીને પાછા આપી દઇશ તેમ કહી દાગીના મેળવી લીધા



**કારચાલકે કહ્યું-આ નાગાસાધુ છે આશીર્વાદ લેતાં જાયઃ બાદમાં વૃધ્ધ દિયર-ભોજાઇના હાથમાં પાંચસો-પાંચસોની નોટો અપાઇઃ એ પછી દાગીના પવિત્ર કરી આપવાના નામે ઉતરાવી લીધા અને કાર ભગાવી મુકી**

હતાં. વૃધ્ધાએ ગળામાં પહેરેલા સોનાની ચેઇન,મંગળસૂત્ર,કારની બુટ્ટી,વીંટી મળી કુલ એક લાખ ત્રીસ હજારના દાગીના આપ્યા હતાં. જો કે વૃધ્ધા અને તેમના દિયર આ દાગીના પોતાને પવિત્ર કરાયા બાદ પાછા મળશે તેની રાહ જોઇ ઉભા હતાં ત્યાં જ પળવારમાં જ આ બંને ગઠીયા દાગીના લઇ કાર ભગાવી ત્યાંથી નીકળી ગયા હતાં. બંને વૃધ્ધ દિયર-ભોજાઇએ બુમાબુમ કરી હતી. લોકો ભેગા થઇ ગયા હતાં પરંતુ ગઠીયાઓએ કાર ખુબ સ્પીડથી ભગાવી મુકી હતી. તેના નંબર પણ જોઇ શકાયા નહોતાં. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે અગાઉ મહેમદાવાદ પાસેના સિદ્ધિવિનાયક મંદિર પાસે અમદાવાદના દંપતી અને નડિયાદ કલેકટર કચેરી નજીક વૃધ્ધને આજ રીતે કારમાં આવેલા નાગા બાવાએ ઠગાઈ આચરી હતી. એ ગુનાના અજાણ્યા ઠગો આજદિન સુધી પોલીસ પકડમાં આવ્યા નથી ત્યારે ખેડા જિલ્લાના નડિયાદના ગણપતિ ચોકડી નજીક ફરી નાગાસાધુએ આશીર્વાદ આપવાના બહાને વૃદ્ધના દાગીના તફડાવી લેતાં બંને ગુનામાં એક જ ટોળકી સામેલ હોવાની શક્યતા છે. અગાઉ આ રીતે ઠગાઇ કરતાં મદારીગેંગના સાગરીતો, સુત્રધારની ટોળકીને પોલીસે પકડી હતી. જો કે આ નવી ગેંગ નાગાસાધુનો સ્વાંગ રચી છેતરપીંડી કરવા ઉતરી પડી હોય તેમ જણાય છે. પોલીસ સીસીટીવી ફૂટેજને આધારે તપાસ આગળ ધપાવશે.

---

દંપતિ વચ્ચે કજીયા કંકાસ કલેશને કારણે મનદુઃખ થતાં સર્જાય છે આવી ઘટનાઓ

# ઝેર તો પીધા જાણી જાણી

## આપઘાતના પ્રયાસના ત્રણ બનાવ

રાજકોટ,તા.૨૪

રોજબરોજ આપઘાત કે આપઘાતના પ્રયાસની ઘટનાઓ બનતી રહે છે. અલગ અલગ કારણોસર લોકો આવા પગલા ભરી લેતાં હોય છે. આવી વધુ ત્રણ ઘટના બની હતી. જેમાં દંપતિ વચ્ચે કજીયા કલેશ કંકાસને કારણે બે મહિલાએ અને એક પુરૂષે ઝેરના પારખા કર્યા હતાં. પણ ત્રણેયના જીવ બચી જતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. એક પરિણીતાને પતિ સંતાનસુખ બાબતે ત્રાસ આપતો હોવાથી તે ફિનાઇલ પી ગઇ હતી. તો એક કિસ્સામાં કામે જવા જેવી વાતે પતિએ ઠપકો આપતાં બોલાચાલી થતાં પરિણીતા ઉંદરડા મારવાની દવા પી ગઇ હતી. ત્રીજી ઘટનામાં ઉલ્ટી ગંગા જેવુ થયું હતું. પત્નિ સાથેની માથાકુટથી કંટાળી ફ્રુટનો ધંધાર્થી યુવાન ફિનાઇલ પી જતાં સારવાર માટે ખસેડાયો હતો.

ત્રણેય અલગ અલગ ઘટના રાજકોટમાં બની હતી. વિગતે વાત કરીએ તો ઝેર તો પીધા જાણી જાણીની પ્રથમ ઘટનામાં આપઘાતના પ્રયાસના અલગ અલગ ત્રણ મોરબી રોડ જકાતનાકા પાસે સંગીતા પાર્કમાં રહેતી ઓગણત્રીસ વર્ષની શ્રધ્ધાબેન મયુરભાઇ સાંકળીયા નામની પરિણીતાએ ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. તેણીએ કહ્યું હતું કે તેના લગ્ન મયુર સાંકળીયા સાથે પાંચ વર્ષ પહેલા થયા છે. પતિ ઇમિટેશનનું કામ કરે છે.

આગળ જણાવ્યું હતું કે પોતાને લગ્નજીવન દરમિયાન સંતાન પ્રપ્તિ ન થતાં પતિએ છુટાછેડા માંગી હેરાન કરવાનું ચાલુ કરતાં અને ગત સાંજે



**સંતાન સુખ બાબતે પતિના ત્રાસથી પરિણીતાએ, કામે જવા મામલે ઝઘડો થતાં બીજી પરિણીતાએ ઝેર પીધુંઃ એક કિસ્સામાં ડખ્ખો થયા બાદ પતિએ ફિનાઇલ પી લીધુંઃ ત્રણેય સારવાર હેઠળ**

પણ ઝઘડો કરી ઘરમાંથી નીકળી જવાનું કહેતાં પોતે ફિનાઇલ પી ગઇ હતી. તેણીના આક્ષેપોમાં ખરેખર કેટલુ તથ્ય છે? તેની તપાસ પોલીસ હવે પછી કરશે.

બીજી એક ઘટના જોઇએ તો રાજકટના મેટોડાના વાજડીમાં રહેતી રીમાબેન સોનુ પ્રજાપતિ નામની બત્રીસ વર્ષની પરિણીતા ઉંદર મારવાની દવા પી જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં મેટોડા પોલીસને જાણ કરાઇ હતી. તેણીને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પતિ કંપનીમાં કામ કરે છે. પોતે પણ અગાઉ કામ કરતી હતી. હવે ફરી તેને કામે જવું હોઇ પતિએ બાળકોનું ધ્યાન રાખવા અને કામે નહિ જવા બાબતે સમજાવતાં ચડભડ થતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. આ દંપતિ મુળ ઉત્તરપ્રદેશનું વતની છે. મટોડા પોલીસે ઝેર પી લેનારી પરિણીતાનું નિવેદન નોંધવા કાર્યવાહી હાથ ધરી હતી.

ત્રીજી એક ઘટનામાં ઉલ્ટી ગંગા જેવુ થયું હતું. અહિ દંપતિ વચ્ચે ડખ્ખા બાદ પતિએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ભાવનગર રોડ પરના અમુલ સર્કલ નજીક આજીડેમ ચોકડી પાસે ભારતનગરમાં રહેતાં મુળ મોરબીના વિજયભાઇ મનુભાઇ પેથાણી નામના પાંત્રીસ વર્ષના યુવાને ઝેરી દવા પી લેતાં સારવાર માટે દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

વિજયભાઇ એક બહેનથી મોટા છે અને સંતાનમાં એક દિકરો છે. પોતે અઢી મહિના પહેલા જ મોરબીથી રાજકોટ રહેવા આવ્યા છે. હાલમાં જ્યુબીલી બાગ પાસે ફ્રુટ વેંચી ગુજરાન ચલાવે છે. તેણે પત્નિ સાથે કલેશ ચાલતો હોઇ પગલુ ભર્યાનું કહ્યું હતું અને પત્નિ વિરૂધ્ધ આક્ષેપો કર્યા હતાં. જો કે પત્નિએ પણ પતિ ખોટુ બોલતો હોવાનું કહ્યુ.હતું. વિજયભાઇએ પત્નિ ઉપર ચોંકાવનારા આક્ષેપો કર્યા હતાં. આ બારામાં હવે પોલીસ આગળ તપાસ કરશે.

ચોથા બનાવમાં મેંદરડાના દેદકીયાળા ગામે રહેતી પચ્ચીસ વર્ષની પરિણીતા રંજનબેન કાંતિભાઇ સોંદરવા વાડીએ ખડમાં છાંટવાની દવા પી જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મેંદરડા પોલીસને જાણ કરી હતી. તેણીને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. જમવા બેઠી ત્યારે ભુલથી દવા પીવાઇ ગયાનું કહેવાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

---

સાયબર ગઠીયાઓ લાવે છે એક એકથી ચઢીયાતા ચકરાવે ચડાવે એવા નુસ્ખા

# મોબાઇલ રીસેટ થયો'ને બેંક ખાતું ખાલી

## યુવાને કંપનીમાં કામ વખતે મોબાઇલ જમા કરાવ્યો હતોઃ નોકરી પુરી થયે પરત લીધો ત્યારે ફ્રોડ થઇ ગયાની ખબર પડીઃ કોઇપણ ઓટીપી પણ આવ્યો નહોતોઃ બીજી ઘટનામાં એટીએમમાંથી નાણા ઉપાડવાના બહાને છેતરપીંડી

રાજકોટ,તા.૨૫

સાયબર ગઠીયાઓ ઓનલાઇન ઠગાઇ કરતાં જ રહે છે. સતત આવી નવી નવી ઘટનાઓ પોલીસ ચોપડે ચડતી રહે છે. વધુ એક કિસ્સામાં એક યુવાન કે જે કંપનીમાં કામ કરે છે તેની સાથે નવતર પ્રકારે ઠગાઇ થઇ ગઇ હતી. અચાનક જ આ યુવાનનો મોબાઇલ ફોન રીસેટ થયો હતો અને બાદમાં તેના એકાઉન્ટમાંથી રોકડા ગાયબ થઇ ગયા હતાં. બીજી તરફ એક ઘટનામાં એટીએમ કાર્ડથી રૂપિયા ઉપાડાવમાં મદદ કરવાના બહાને એક પ્રૌઢ વયના નાગરિકને ગઠીયો છેતરીને રોકડ ઉપાડી ગાયબ થઇ ગયો હતો.

પ્રથમ ફ્રોડની ઘટના પર નજર કરીએ તો દસક્રોઇના વિસલપુરમાં આવેલી વિશ્વકર્મા એન્જિનિયરિંગ એન્ડ મોટર ગેરેજ કંપનીમાં નોકરી કરતા બિહારના નિતિશકુમાર ભરતભાઈ ચૌધરી સાથે નવ્વાણુ હજારની છેતરપિંડીનો ગંભીર બનાવ પ્રકાશમાં આવ્યો હતો. યુવાનનો મોબાઇલ ફોન રૂમમાં રહસ્યમય રીતે રીસેટ થઈ ગયો હતો અને ત્યારબાદ તેમના બેંક ખાતામાંથી બારોબાર નાણાં ઉપાડી લેવામાં આવ્યા હતા. વધુ માહિતી અનુસાર મુળ બિહારના પશ્ચિમ ચંપારણના વતની અને હાલ વિસલપુરમાં રહેતા નિતિશકુમારનું ઇન્ડસઇન્ડ બેંકની આંદાર શાખામાં બચત ખાતું છે અને તેઓ ગૂગલ-પે તથા ફોન-પે જેવી યુપીઆઇ એપ્લિકેશનનો ઉપયોગ કરે છે.

આ પછી કંપનીમાં ફોન સાથે રાખવાની મનાઈ હોવાથી તેઓ સવારે દસ વાગ્યે રૂમને તાળું મારી ફોન અંદર રાખી નોકરી પર ગયા હતા. બપોરે આવીને જોતાં તેમનો ફોન રીસેટ થયેલો હતો અને તમામ ડેટા ડિલીટ થઈ ગયો હતો. રાત્રે ઓવરટાઇમ પૂર્ણ કરીને અીયાર વાગ્યે રૂમ પર પરત આવ્યા બાદ તેમણે ગૂગલ-પે મારફતે બેલેન્સ તપાસતાં સાયબર ફ્રોડનો ખુલાસો થયો હતો. સવારે ૪૪,૮૮૮નું ટ્રાન્ઝેક્શન નિષ્ફળ ગયું હતું, પરંતુ ત્યારબાદ ૮૦,૦૦૦ અને ૧૯,૦૦૦ એમ બે સફળ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ નવ્વાણુ હજાર ખાતામાંથી ઉપાડી લેવાયા હતા. આ સમગ્ર ઘટના દરમિયાન યુવાનના મોબાઇલમાં કોઈ ઓટીપી આવ્યો ન હતો કે તેમની કોઈ મંજૂરી લેવાઈ ન હતી.

બનાવ અંગે તેમણે કંપનીના માલિક વિજયભાઈ પંચાલને જાણ કર્યા બાદ સાયબર હેલ્પલાઇનમાં અને અસલાલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા સાયબર ઠગ સામે ગુનો નોંધી યુપીઆઇ ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ પુરાવા હોવાના આધારે તપાસ હાથ ધરી હતી. આમ




નવતરઠગાઇને પગલે સાયબર ક્રાઇમ પોલીસ પણ દોડતી થઇ હતી.

ઠગાઇની બીજી ઘટના બારડોલીના પલસાણા ખાતે આવેલા લક્ષ્મી શોપીંગ સેન્ટર સ્થિત બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.માં એક નાગરિક સાથે ચાલાકી પૂર્વક એ.ટી.એમ. કાર્ડ બદલીને રૂ. ચાલીસ હજારની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો હતો.

પલસાણાના સરિતાનગર ખાતે રહેતા ચોપન વર્ષીય ધનસુખભાઇ જીવણભાઇ માહ્યાવંશી સાંજના આશરે છ વાગ્યે પલસાણા ગામના લક્ષ્મી શોપીંગ સેન્ટર ખાતે આવેલ બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.માંથી પોતાની પત્નિના કાર્ડ વડે પૈસા ઉપાડવા ગયા હતા. એ.ટી.એમ. માંથી પૈસા ન નીકળતાં, તેમની પાછળ ઉભેલા એક અજાણ્યા શખ્સે કેબીનમાં આવીને મદદ કરવાનો ડોળ રચ્યો હતો. તે અજાણ્યા માણસે ધનસુખભાઇ પાસેથી એ.ટી.એમ. કાર્ડ મેળવી અને પિન નંબર માંગી પૈસા ઉપાડવા પ્રયાસ કર્યો હતો.

પણ પૈસા ન નીકળતાં, આ શાતિર ઠગે ધનસુખભાઈની નજર ચૂકવી પોતાની પાસે રહેલું અન્ય વ્યક્તિનું એ.ટી.એમ. કાર્ડ તેમના હાથમાં આપી દીધું હતું અને પત્નીનું સાચું એ.ટી.એમ. કાર્ડ પોતાની પાસે રાખી લીધું હતું. ત્યારબાદ આ ઠગે નવસારી ગ્રીડ રોડ ઓફ સાઇટ પર આવેલા એ.ટી.એમ. મશીનમાંથી પત્નિના એ.ટી.એમ. કાર્ડનો ઉપયોગ કરી રૂ. દસ દસ હજાર ચાર વખત ટ્રાન્ઝેક્શન કરીને કુલ રૂ. ૪૦,૦૦૦ બારોબાર ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી. આ મામલે ધનસુખભાઈએ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ પલસાણા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.જી.ચૌધરીએ હાથ ધરી હતી. આમ વધુ બે ઠગાઇ થઇ ગઇ હતી.

રાજકોટ, જુનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ હળવાથી ભારે ઝાપટા

# સૌરાષ્ટ્રમાં મેઘમહેર : ડેમ-જળાશયો છલકાયા

## અતિભારે વરસાદથી અમરેલી, મોરબી અને સુરેન્દ્રનગરમાં જનજીવન અસ્તવ્યસ્ત





રાજકોટ, તા. ૨૫

સૌરાષ્ટ્રભરમાં ચોમાસુ ઋતુમાં સર્વત્ર મેઘમહેર થતાં અનેક જિલ્લાઓમાં નદી, નાળા, તળાવો અને ડેમો છલકાતા ધરતીપુત્રોમાં હરખની હેલી જોવા મળી રહી છે. જોકે, બીજી તરફ ભારે વરસાદના કારણે અમરેલી, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના હાઈવેનો વાહન વ્યવહાર ખોરવાતા જનજીવન ભારે પ્રભાવિત થયુ છે.

અમરેલી જિલ્લામાં અતિ ભારે વરસાદથી માર્ગો બંધ થઈ જતાં વાહન વ્યવહાર સંપૂર્ણ થંભી ગયો હતો. તાલુકાના દેવભૂમિ દેવળીયા ગામમાં સાંજ સુધીમાં માત્ર ૩ કલાકમાં ૮ ઈંચ વરસાદ વરસતા જળબંબાળ જેવી સ્થિતિ સર્જાઈ હતી. નદીઓ ગાંડીતુર બનતા પૂરના પાણીમાં તણાઈ જવાથી માલવીયા પીપરીયા ગામે ૩ વર્ષની માસુમ બાળકીનું અને લાઠીના કૃષ્ણગઢ ગામ નજીકથી એક યુવાનનો મૃતદેહ મળી આવતાં કુલ બે મોત નોંધાયા છે. સાવરકુંડલાના જુના સાવર ગામે શેત્રુંજી અને શેલ નદીના પૂરમાં છકડો રીક્ષા તણાતા ફસાયેલા ૩ વ્યકિતઓને ટ્રેક્ટરની મદદથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. વડીયા પંથકમાં સાંકરોળી ડેમ સાઈડ વિસ્તારમાં ૬ ઈંચ વરસાદથી જળસપાટી વધી હતી, જ્યારે અમરેલી-સાવરકુંડલા હાઈવે સહિત અનેક નાના-મોટા માર્ગો બંધ થઈ ગયા હતા.

મોરબી જિલ્લામાં ૨થી ૭ ઈંચ વરસાદ નોંધાયો હતો, જેનાથી મોરબી, માળીયા, ટંકારા અને વાંકાનેર તાલુકાના ૧૦ જેટલા ડેમોમાં નવા નીરની આવક થઈ હતી. આ સાથે બ્રાહ્મણી-૨, ઘોડાધ્રોઈ, મચ્છુ-૨ અને મચ્છુ-૩ ડેમ ઓવરફલો થયા હતા. મોરબી શહેરમાં સાડા ચાર ઈંચ વરસાદથી મહારાણા પ્રતાપ, હાઉસીંગ બોર્ડ, ઋષિકેશ વિદ્યાલય અને કુબેરનગર જેવા નીચાણવાળા વિસ્તારોના ઘરો તથા દુકાનોમાં પાણી ઘુસી ગયા હતા. વાંકાનેરમાં સૌથી વધુ ૭ ઈંચ વરસાદ ખાબકતા નેશનલ હાઈવે અને સર્વિસ રોડ પર પૂરના પાણી ફરી વળ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદના કારણે હાંસલપુર ચોકડી (વિરમગામથી સાણંદ રોડ) પર ૮ ફુટ જેટલા પાણી ભરાઈ જતાં અસંખ્ય વાહનો ફસાયા હતા અને અનેક માર્ગો ધોવાઈ ગયા હતા. પરિસ્થિતિને ધ્યાને રાખી બપોર પછી અમદાવાદ જતી એસ.ટી. બસોને સુરેન્દ્રનગર ખાતે જ અટકાવી દેવામાં આવતા અનેક મુસાફરો ફસાયા હતા અને ભારે હેરાનગતિ ભોગવવી પડી હતી.

બીજી તરફ ભાવનગર જિલ્લામાં અડધાથી બે ઈંચ જેટલો ધીમીધારે સાર્વત્રિક વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જેમાં ૨૪ કલાક દરમિયાન ગારીયાધારમાં ૫૦ મીમી, સિહોરમાં ૪૬ મીમી, પાલીતાણામાં ૩૦ મીમી, ઉમરાળામાં ૧૯ મીમી, વલ્લભીપુરમાં ૧૮ મીમી, જેસરમાં ૧૫ મીમી, મહુવામાં ૧૨ મીમી, તળાજામાં ૧૦ મીમી અને ઘોઘામાં ૭ મીમી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત રાજકોટ, જુનાગઢ, ભાવનગર, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં હળવા-ભારે ઝાપટાં સાથે ૧થી ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. સમગ્ર સૌરાષ્ટ્રના ચેકડેમો અને જળાશયો છલકાઈ જતાં ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.હજુ પણ હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી હોવાથી જળાશયોમાં વધુ આવકની આશા જાગી છે, જેનાથી રાજકોટવાસીઓ અને મહાનગરપાલિકાના વોટર વર્ક્સ ડિપાર્ટમેન્ટને મોટી રાહત મળી છે.



### રાજકોટની જીવાદોરી સમાન આજી, ન્યારી અને ભાદર ડેમમાં નવા નીરની આવક શરૂ

રાજકોટ શહેરમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ધીમા વરસાદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સારા વરસાદને કારણે શહેરની જીવાદોરી સમાન આજી, ન્યારી અને ભાદર ત્રણેય ડેમોમાં નવા પાણીની આવક શરૂ થઈ ગઈ છે. મનપા તંત્ર માટે રાહતના સમાચાર એ છે કે, સૌરાષ્ટ્રના બીજા નંબરના સૌથી મોટા ભાદર-૧ ડેમમાં આજ સવાર સુધીમાં ૪.૦૪ ફુટ નવું પાણી આવ્યું છે. રાજકોટ ભાદર ડેમમાંથી દૈનિક ૪૦ MLD પાણી ઉપાડે છે, એ મુજબ આ નવો જળજથ્થો રાજકોટને બે મહિના સુધી ચાલે તેટલો છે.

### જળાશયવાર સ્થિતિ પર એક નજરઃ

**ભાદર-૧ ડેમ :-** ૪.૦૪ ફુટ પાણીની આવક થતાં રાજકોટને દૈનિક વિતરણ વ્યવસ્થા મુજબ ૨ માસ ચાલે તેટલો જળજથ્થો ઉમેરાયો છે.

**ન્યારી-૧ ડેમ :-** ૨૫.૧૦ ફુટે ઓવરફ્લો થતા ન્યારી ડેમમાં ૦.૧૬ ફુટ (૨૪ MCFT) નવું પાણી આવ્યું છે. જેથી હાલની સપાટી ૧૫.૪૦ ફુટ પહોંચી છે અને ડેમમાં કુલ ૪૨૮ MCFT જીવંત જળજથ્થો છે. આ નવું પાણી ૬ દિવસ ચાલશે.

**આજી-૧ ડેમ :-** ૨૯ ફુટે ઓવરફ્લો થતા આજી ડેમમાં ૦.૪૩ ફુટ (૧૨ MCFT) નીર આવતા સપાટી ૨૧.૧૦ ફુટે પહોંચી છે. હાલ ડેમમાં ૪૫૭ MCFT જીવંત જળસંગ્રહ છે. આ નવું પાણી શહેરને ૨ દિવસ ચાલે તેમ છે.

# સ્માર્ટસિટી કે 'ગાબડા સિટી'?

## માંડ ૯ ઈંચ વરસાદમાં જ રસ્તાઓ ધોવાયા, શહેરના તમામ એન્ટ્રી પોઈન્ટ્સ પર મસમોટા ખાડાનું 'સ્વાગત'



પરસાણા ચોકથી કણકોટ જતા રસ્તામાં પણ ખાડાનું સામ્રાજ્ય, લોકો હેરાન-પરેશાન

રાજકોટ, તા. ૨૫

રાજકોટમાં ચાલુ સિઝન દરમિયાન હજુ તો ચોમાસાએ બરાબરની જમાવટ પણ કરી નથી. સિઝનનો માંડ છૂટોછવાયો ૯ ઇંચ જેટલો જ વરસાદ નોંધાયો છે, ત્યાં જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતા પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ રિપેરિંગના મોટા-મોટા દાવાઓનું સુરસુરિયું થઈ ગયું છે. ચોમાસાના પ્રારંભિક તબક્કામાં જ શહેરના મુખ્ય માર્ગો ધોવાઈ જતાં મહાનગરપાલિકાના રોડ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગત તેમજ કામની હલકી ગુણવત્તા સામે લોકરોષ ભભૂકી ઊઠ્યો છે. સૌરાષ્ટ્રનું પાટનગર ગણાતા રાજકોટમાં બહારગામથી પ્રવેશતા વાહનચાલકોનું સ્વાગત હવે ધૂળ અને મસમોટા ખાડાઓ કરી રહ્યા છે. શહેરના ચારેય મુખ્ય પ્રવેશ માર્ગોની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. જામનગર અને કચ્છ તરફથી આવતો કરોડોનો વાહનવ્યવહાર અહીંથી પસાર થાય છે, પરંતુ માધાપર ચોકડી પાસે પડેલા ખાડાઓને કારણે વાહનચાલકો કમરના દુખાવાનો ભોગ બની રહ્યા છે. ભાવનગર, અમરેલી અને હાઈવે પરથી આવતા વાહનો માટે આજીડેમ ચોકડી હોટસ્પોટ છે, પણ ત્યાં રસ્તાઓ ચાળણી જેવા બની ગયા છે. સૌરાષ્ટ્ર અને અમદાવાદ-જેતપુર હાઈવેને જોડતો આ મુખ્ય માર્ગ ગાબડાઓનું કેન્દ્ર બની ગયો છે. અમદાવાદ અને મોરબી તરફથી આવતા ભારે વાહનોના ઘસારા વચ્ચે અહીં પડેલા ઊંડા ખાડાઓ અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપી રહ્યા છે. અન્ય શહેરોમાંથી રાજકોટમાં પ્રવેશતા જ લોકોને મહાનગરપાલિકાના 'સ્માર્ટ' વહીવટનો



કડવો અનુભવ થઈ રહ્યો છે, જેનાથી રંગીલા રાજકોટની છબી ખરડાઈ રહી છે.

એન્ટ્રી પોઈન્ટ્સ પરના ખાડાઓને કારણે માત્ર રસ્તા જ તૂટ્યા નથી, પરંતુ તેનાથી અનેક આડઅસરો પણ ઉભી થઈ રહી છે. મસમોટા ખાડાઓમાંથી વાહન પસાર કરતી વખતે વાહનોની ગતિ ધીમી પડી જાય છે, જેના કારણે પીક અવર્સમાં કિલોમીટરો સુધી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે. કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ રહેવાથી વાહનચાલકોના કિંમતી સમયની સાથે કરોડો રૂપિયાના પેટ્રોલ-ડીઝલનો પણ ધુમાડો થઈ રહ્યો છે. સાથોસાથ, નાના વાહનચાલકો અને બાઈકચાલકો માટે આ ખાડાઓ જીવલેણ સાબિત થઈ રહ્યા છે.

### દર વર્ષે એ જ કહાણીઃ પ્રજાના ટેક્સના નાણાં પાણીમાં?

રાજકોટવાસીઓ માટે આ સમસ્યા કોઈ નવી નથી. દર વર્ષે ચોમાસું આવે એટલે રસ્તા તૂટે, મનપા પેચવર્કના નામે કરોડો રૂપિયાનું અંધાધૂંધ બજેટ વાપરે અને સહેજ વરસાદ પડે એટલે ફરી એ જ સ્થિતિ નિર્માણ થાય. સવાલ એ ઊભો થાય છે કે જો માંડ ૯ ઈંચ વરસાદમાં રોડ ધોવાઈ જતા હોય તો કોન્ટ્રાક્ટરો સામે દંડકીય કે બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી?. રોડ બનાવતી વખતે વપરાતા મટીરીયલ્સની ક્વોલિટી ચેક કરનાર મનપાના એન્જિનિયરો શું ઊંઘી રહ્યા છે?

### કાયમી ધોરણે નિવેડો લાવવા માગ

હજુ તો આખો ભાદરવો અને મુસળધાર વરસાદ બાકી છે. જો માંડ ૯ ઇંચમાં આ હાલત હોય તો આગામી દિવસોમાં ભારે વરસાદ પડશે તો શહેરની સ્થિતિ શું થશે તે વિચાર માત્રથી રાજકોટવાસીઓ ધ્રૂજી ઊઠે છે. હવે રાજકોટના જાગૃત નાગરિકો અને વાહનચાલકો માંગ કરી રહ્યા છે કે કોર્પોરેશનના શાસકો અને અધિકારીઓ માત્ર કાગળ પરના 'સ્માર્ટસિટી'ના બોર્ડ લગાવવાનું બંધ કરે. દર વર્ષે કરવામાં આવતા તકલાદી પેચવર્કને બદલે ગુણવત્તાયુક્ત અને કાયમી ધોરણે રોડ-રસ્તાનું મજબૂત નિવારણ લાવવામાં આવે, જેથી કરીને રાજકોટની આબરૂ બચે અને પ્રજાને હાલાકીમાંથી મુક્તિ મળે.

સ્ક્રીન પરથી જ ગાયબ થાય છે જિંદગીભરની કમાણી! : સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર બન્યું નવું ટાર્ગેટઃ રાજકોટમાં દરરોજ કરોડોનો ચૂનો, 'ઓપરેશન મ્યુલ હન્ટ'થી ખળભળાટ

**ડિજિટલ ડેન્જર**

# ગુજરાત-રાજકોટમાં સાયબર માફિયાઓનો ત્રાસ

રાજકોટ, તા. ૨૫

ગુજરાત રાજ્ય હાલમાં ડિજિટાઈઝેશન ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યું છે, પરંતુ તેની સાથે જ સાયબર અપરાધીઓની નજર પણ રાજ્યના નાગરિકો પર મંડાયેલી છે. અમદાવાદ અને સુરત બાદ હવે સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર ગણાતું રાજકોટ સાયબર ક્રાઈમનું નવું હોટસ્પોટ બની રહ્યું છે. નિવૃત્ત કર્મચારીઓ, વેપારીઓથી માંડીને શિક્ષિત યુવાનો સુધીના લોકો દરરોજ કરોડો રૂપિયા ગુમાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયમાં રાજકોટ અને સમગ્ર ગુજરાતમાં સાયબર ફ્રોડના કિસ્સાઓમાં ૩૦% થી ૪૦% નો આંકડાકીય વધારો નોંધાયો છે.

રાજકોટ સાયબર ક્રાઈમ સેલમાં દરરોજ સરેરાશ ડઝનબંધ ફરિયાદો નોંધાઈ રહી છે. તાજેતરમાં સામે આવેલા ઓપરેશન 'મ્યુલ હન્ટ' દરમિયાન રાજકોટ પોલીસે ૧૦૦થી વધુ બોગસ બેંક એકાઉન્ટ્સ પકડી પાડ્યા હતા, જેનો ઉપયોગ સાયબર ફ્રોડના કરોડો રૂપિયા ટ્રાન્સફર કરવા માટે થતો હતો. ગુજરાતમાં વાર્ષિક કરોડો રૂપિયા નાગરિકોના ખાતામાંથી ડિજિટલ ઠગાઈ દ્વારા ગાયબ થઈ રહ્યા છે. અપરાધીઓ ઈડીઈ, ઊઉ, નાર્કોટિક્સ કે ઝછઅઈના ઉચ્ચ અધિકારી બનીને વોટ્સએપ કે સ્કાયપ પર વીડિયો કોલ કરે છે. ''તમારા નામે મોકલાયેલા પાર્સલમાં ડ્રગ્સ કે ગેરકાયદે સામાન મળ્યો છે'' તેમ કહીને વ્યક્તિને માનસિક રીતે ડરાવી, ૨૪ થી ૪૮ કલાક સુધી ઘરમાં જ 'ડિજિટલ અરેસ્ટ' રાખવામાં આવે છે અને બાદમાં કેસ રફા-દફા કરવાના નામે લાખો રૂપિયા પડાવવામાં આવે છે.

રાજકોટના વેપારી વર્ગને લક્ષ્ય બનાવીને વોટ્સએપ કે ટેલિગ્રામ પર ''ગેરંટીડ ૩૦૦% રિટર્ન'' આપવાના દાવા સાથે ટ્રેડિંગ ગ્રુપમાં જોડવામાં આવે છે. શરૂઆતમાં નકલી એપ્લિકેશનમાં નફો બતાવવામાં આવે છે, પરંતુ જ્યારે નાણાં પાછા ખેંચવાની વાત આવે ત્યારે એકાઉન્ટ બ્લોક કરી દેવાય છે. ગરીબ કે મધ્યમ વર્ગના લોકોના દસ્તાવેજો (આધાર-પાન) મેળવીને તેમના નામે બેંક એકાઉન્ટ્સ ખોલવામાં આવે છે. આ એકાઉન્ટ્સનો ઉપયોગ ફ્રોડની રકમ ફેરવવા માટે થાય છે, જેના બદલામાં મૂળ એકાઉન્ટ હોલ્ડરને નાનું કમિશન આપવામાં આવે છે.



**કમ્બોડિયા અને થાઈલેન્ડના 'સ્કેમ કમ્પાઉન્ડ્સ'થી ભારત પર સાયબર હુમલો : ડિજિટલ ફ્રોડના કેસોમાં ૩૦ થી ૪૦ ટકાનો ચિંતાજનક ઉછાળો**

### સાયબર સેલની કામગીરી અને પડકારો

સાયબર ગ્રીડને મજબૂત કરવા માટે ગુજરાત પોલીસ અને રાજકોટ સાયબર સેલ દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા છેઃ

**- સ્પેશિયલ ડ્રાઈવઃ-** બેંક એકાઉન્ટ્સ, સિમ કાર્ડ સર્કિટ્સ અને શંકાસ્પદ IP એડ્રેસ ટ્રેક કરવા માટે સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવે છે.૧૯૩૦ હેલ્પલાઈનના માધ્યમથી કરોડો રૂપિયા ફ્રીઝ કરવામાં સફળતા મળી છે.

**- મુખ્ય પડકારો :-** સાયબર અપરાધીઓ મોટે ભાગે ચાઈના, દુબઈ, કેમ્બોડિયા કે નાઈજીરિયા જેવા વિદેશી લોકેશનથી અથવા તો જામતારા (ઝારખંડ) કે મેવાત (હરિયાણા) જેવા દુર્ગમ વિસ્તારોમાંથી ઓપરેટ કરતા હોવાથી મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવું પડકારજનક રહે છે.

### નાગરિકો માટે 'સાયબર હાઈજિન'

સાયબર ક્રાઈમથી બચવા માટે ટેકનોલોજી કરતાં પણ વધુ સ્વ-જાગૃતિ જરૂરી છેઃ

**-'ડિજિટલ અરેસ્ટ'** જેવો કોઈ કાયદો નથી :- ભારતીય કાયદામાં કોઈ પણ પોલીસ કે તપાસ એજન્સી વીડિયો કોલ પર અરેસ્ટ કરી શકતી નથી કે ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરવાનું કહેતી નથી.

**- સસ્પેશિયસ લિંક-અડઊં ડાઉનલોડ ન કરવી :-** વીજ બિલ, બેંક KYC કે લકી ડ્રોના નામે આવતી અનઓથોરાઈઝ્ડ લિંક પર ક્લિક કરવું નહીં.

**- ટૂંકા રસ્તાનો લોભ ટાળવો :-** શેરબજારમાં અવાસ્તવિક કે મિનિટોમાં બમણા પૈસા કરી આપવાની જાહેરાતો હંમેશા ફ્રોડ હોય છે.

### રાજકોટ અને સૌરાષ્ટ્ર શા માટે ટાર્ગેટ પર?

રાજકોટ અને આસપાસના વિસ્તારો સાયબર અપરાધીઓ માટે પ્રિય બનવાના મુખ્ય કારણોઃ

**- આર્થિક સમૃદ્ધિ અને વેપારી વર્ગ :-** રાજકોટમાં એન્જિનિયરિંગ, કાસ્ટિંગ, સોના-ચાંદી અને રિયલ્ટી ક્ષેત્રે મોટો રોકડ વ્યવહાર થાય છે. અહીંના વેપારીઓ પાસે બચત અને રોકાણ માટે ફંડ ઉપલબ્ધ હોય છે.

**- શેરબજારમાં રસ :-** સૌરાષ્ટ્રના લોકોમાં શેરબજાર અને ટ્રેડિંગનો ક્રેઝ વધારે છે. ઠગો આ જ રસનો લાભ ઉઠાવીને ફેક NSE/BSE એપ્લિકેશન બનાવી ''આઈપીઓ એલોટમેન્ટ'' કે ''ઈનસાઈડર ટ્રેડિંગ''ના નામે કરોડોનો ચૂનો લગાવે છે.

**- નિવૃત્ત વર્ગ અને સિનિયર સિટીઝન્સ :-** જીવનભરની કમાણી કે ગ્રેચ્યુઈટીનું ફંડ ધરાવતા સિનિયર સિટીઝન્સ ટેકનોલોજીથી પૂરા વાકેફ નથી હોતા. તેમને 'ડિજિટલ અરેસ્ટ' કે 'લાઈફ ઈન્સ્યોરન્સ બોનસ'ના નામે ઝડપથી ડરાવી શકાય છે.